# વલારડીના દિવ્યધામમાં શિવકથાના છઠ્ઠા દિવસે સામાજિક-રાજકીય અગ્રણીઓ અને સાધુ-સંતોનું સન્માન



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા તાલુકાના વલારડી મુકામે આવેલ દિવ્યધામ ખાતે આયોજિત ભવ્ય અને દિવ્ય શિવકથામાં દિવસેને દિવસે ભાવિકોની વિશાળ સંખ્યામાં હાજરી જોવા મળી રહી છે. સમગ્ર સૌરાષ્ટ્રમાંથી સામાજિક, રાજકીય અગ્રણીઓ તેમજ સાધુ–સંતો અહીં ઉપસ્થિત રહી પૂજય ગિરિબાપુના મુખેથી શિવકથાનું શ્રવણ કરી આધ્યાત્મિક લાભ લઈ રહ્યા છે. શિવકથાના છઠ્ઠા દિવસે પૂજય ગિરિબાપુએ સતી પ્રાગટ્યની પાવન કથાનું રસાળ વર્ણન કરતા ભકતોને ભકિત અને સંસ્કારનો સંદેશ આપ્યો હતો. બાપુના મુખેથી કથાનું શ્રવણ કરી ઉપસ્થિત ભાવિકોએ પોતાને પાવન થયાની અનુભૂતિ વ્યક્ત કરી હતી. આ અવસરે શિવકથામાં ખોડલધામના ચેરમેન નરેશભાઈ પટેલ, રાજય સરકારના માજી કેબિનેટ પ્રધાન બાવકુભાઈ ઉઘાડ, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ જેનીબેન ઠુમ્મર, ઉદ્યોગપતિ ગોપાલભાઈ વસ્તરપરા, પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, બાર એસોસિએશન પ્રમુખ પ્રતાપભાઈ ખાચર સહિત અનેક સામાજિક–રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ કષ્ટભંજન હનુમાન મંદિરના મહંત, પરબધામના મહંત સહિત અનેક સાધુ–સંતો અને દાતાઓ પણ શિવકથામાં હાજર રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોના દિવ્યધામના પ્રમુખ રાજુભાઈ વઘાસિયા અને ભુવા હરેશભાઈ વઘાસિયા દ્વારા ગંગા જળની લોટી અર્પણ કરી ભવ્ય અને દિવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. શિવકથાના આ પાવન પ્રસંગે મોટી સંખ્યામાં ભાવિકોએ ઉપસ્થિત રહી કથાનું શ્રવણ કરી ભકિતમય માહોલ સર્જ્યો હતો.

### ભોજલરામ હિન્દુ સંમેલન સમિતિ દ્વારા

## અમરેલી ખાતે સુર્યમુખી હનુમાનજી મંદિર પટાંગણમાં હિન્દુ સંમેલન યોજાયું

### સાધુ, સંતો સહિત મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા



અમરેલી, તા. ૨૪

અમરેલીના ચક્કરગઢ રોડ ઉપર આવેલ અમૃત નગરમા સૂર્યમુખી હનુમાનજી મંદિરના પટાંગણમાં ગત તા.૨૨ ને રવિવારના રોજ ભોજલરામ હિન્દુ સંમેલન સમિતિ દ્વારા વિરાટ હિન્દુ સંમેલનનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું.

આ સંમેલનમાં ભોજલધામ ફતેપુરના મહંત ભક્તિરામ બાપુ, નૃસિંહ ટેકરી લાઠીથી શ્રી રઘુનાથ બાપુ, ચિત્રકૂટથી કૌશલ કિશોરદાસબાપુ અને શ્રી દ્વારકાદાસજી બાપુ, તાત્કાલિક હનુમાન મંદિરના થણાપતિ શ્રી ઉદયગીરી બાપુ તથા આપાગીગાની જગ્યા અમરેલીના મહંતશ્રી નામ બાપુ ઉપસ્થિત રહ્યા હતા.

આ સંમેલનને આપાગીગાની જગ્યા સતાધારના મહંતશ્રી વિજય બાપુના ખાસ આશિષ પ્રાપ્ત થયા હતા. વક્તા તરીકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સહકાર્યવાહ ડો. વિવેકગીરી ગૌસ્વામીએ ઉપસ્થિત રહી પંચપરિવર્તન પર વ્યક્વ્ય આપ્યું હતું.

આ સંમેલનમાં ભોજલરામ વસ્તીમાં આવતો વિસ્તાર જેમ કે અમૃતનગર, આદર્શનગર, આનંદનગર, ક્રિષ્ના પાર્ક, પનિહારી, અર્જુનગર, મધવપાર્ક, મન રો હાઉસ, કરણ પાર્ક, કામનાથ, સોસાયટી મન સીટી, વિશ્વાસ આઇકોન, ગોકુલનગર, કાનાણીની વાડી સહિતની તમામ સોસાયટીઓના હિંદુ પરિવારજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સંમેલનની પૂર્વ સંધ્યાએ વિશાળ બાઈક રેલીનુ પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં લોકો જોડાયા હતા. તેમ ભોજલરામ હિન્દુ સંમેલન સમિતિ દ્વારા જણાવવામાં આવ્યું છે.

### રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ દ્વારા

## અમરેલીનાં નિલેશ રાઠોડ હત્યા કેસમાં જિલ્લા કલેકટરને તપાસ કરવા આદેશ

### સામાજિક કાર્યકર કાંતિલાલ પરમારની ફરિયાદને ગંભીરતાથી લઈ બે અઠવાડિયામાં રિપોર્ટ માગ્યો

અમરેલી, તા. ૨૪

અનુસૂચિત જાતિના યુવાન અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના નિલેશ કાંતિભાઈ રાઠોડની કરપીણ અને ક્રૂર હત્યા અંગે સામાજિક કાર્યકર કાંતિલાલ પરમાર દ્વારા ૨૮ મે ૨૦૨૫ ના રોજ કરવામાં આવેલી માનવ અધિકાર ભંગની ફરિયાદને રાષ્ટ્રીય સ્તરે મહત્વ મળ્યું છે. રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ (એનએચઆરસી), નવી દિલ્હીએ આ કેસને ગંભીર માનવ અધિકાર હનનનો મુદ્દો ગણાવી અમરેલીના જિલ્લા કલેકટરને તાત્કાલિક તપાસ કરીને બે અઠવાડિયામાં એકશન ટેકન રિપોર્ટ (એટીઆર) રજૂ કરવાનો આદેશ આપ્યો છે.

ફરિયાદ અનુસાર તા. ૧૬ મે ૨૦૨૫ નાં રોજ અમરેલીના સાવરકુંડલા રોડ નજીક માર્કેટિંગ યાર્ડ વિસ્તારમાં એક પાન પાર્લર અને ફરસાણની દુકાને વેફર લેવા જતા નાના બાળકને બેટા કહેતા ચાર યુવાનો પર આશરે પંદર જેટલા લોકોએ હુમલો કર્યો હતો. હુમલાખોરોએ ગાળો આપી ક્રૂર મારપીટ કરી, જેમાં ૨૦ વર્ષીય નિલેશ રાઠોડને ગંભીર ઈજા પહોંચી હતી, બાદમાં અવસાન થતા ગુનો હત્યામાં પલટાયો હતો.

ઘટનામાં ગંભીર રીતે ઈજા પામેલ નિલેશ રાઠોડને પહેલા સિવિલ હોસ્પિટલ, અમરેલીમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા અને ત્યારબાદ વધુ સારવાર માટે સર તખ્તસિંહજી હોસ્પિટલ, ભાવનગરમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ ગંભીર ઈજાઓના કારણે ૨૨ મે ૨૦૨૫ના રોજ તેમનું દુઃખદ અવસાન થયું.

આ ઘટનાને લઈને અમરેલી ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) તેમજ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ હેઠળ ગુનો નોંધાયો છે.

ફરિયાદકર્તા માનવ અધિકાર કાર્યકર કાંતિલાલ પરમારે આ કેસમાં તમામ આરોપીઓની તાત્કાલિક ધરપકડ, કેસમાં હત્યા (મર્ડર)ની કલમ ઉમેરવા, કેસ માટે સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટરની નિમણૂંક અને પીડિત પરિવારને યોગ્ય વળતર અને પુનર્વસન આપવા માનવ અધિકાર આયોગ સમક્ષ દરમ્યાનગીરી કરવા અને કડક કાર્યવાહી કરવા માંગ કરી હતી.

આ મામલે એનએચઆરસીએ નોંધ્યું છે કે ફરિયાદમાં દર્શાવાયેલા આરોપો ગંભીર માનવ અધિકાર હનન તરફ સંકેત આપે છે, તેથી અમરેલી જિલ્લા કલેકટરને સમગ્ર ઘટનાની તપાસ કરીને વિગતવાર રિપોર્ટ તાત્કાલિક મોકલવાનો આદેશ આપવામાં આવ્યો છે.

## અમરેલી : શહીદ દિને શહીદ વંદના કરતું સંવેદન ગૃપ



અમરેલી, તા. ૨૪

તા. ૨૩ માર્ચ ૧૯૩૧ના રોજ શહીદ થયેલાંમાં ભારતીના અમર સપૂતો અને ભારતનાં સ્વાતંત્ર્ય સંગ્રામના અપ્રતિમ યોદ્ધાઓ ક્રાંતિવીર ભગતસિંહ, સુખદેવ અને રાજગુરૂના બલિદાન દિવસ નિમિત્તે ગઈકાલે સાંજે ૭:૨૩ મિનિટે શહેરનાં 'શહીદ સ્મારક' કોલેજ સર્કલ,લાઠી રોડ, અમરેલી ખાતે ક્રાંતિવીરોને માનવસેવા અને રાષ્ટ્રધર્મને વરેલ સંસ્થા સંવેદન ગૃપ દ્વારા ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં સંવેદન ગૃપનાં પ્રમુખ વિપુલ ભટ્ટી, ટ્રસ્ટી દિપક મહેતા, વિપુલ ચરણદાસ, વિશ્વ હિન્દુ પરિષદના મંત્રી ઈતેશ મહેતા, મુકુંદભાઈ, સંજય પંડયા, નીલદીપસિંહ ગોહિલ, ગૌતમભાઈ વ્યાસ સાથે સુર સંગમ કરાઓકે કલબના સભ્યો રાજેશ ગાંધી, અનસૂયાબેન શેઠ, કાશ્મીરાબેન સોની પણ જોડાયાં હતાં. શહીદોની પ્રતિમાને પુષ્પમાળા અર્પણ કરી અને તેમના દેશ પ્રત્યેના અસાધારણ યોગદાનને યાદ કર્યું હતું. શહીદ સ્મારક પર સ્વતંત્રતાસંગ્રામનો અમર નારા 'ઈન્કલાબ જીંદાબાદ'ની ગુંજ સાથે 'વંદે માતરમ્' ગીતનું સમૂહગાન કરી ભાવભરી સ્વરાંજલિ અર્પણ કરતાં દેશભક્તિના માહોલને ગૌરવપૂર્ણ બનાવ્યો હતો.

વિપુલ ભટ્ટીએ ભાવાંજલિ આપતાં કહ્યું હતું કે, આ શહીદોનું બલિદાન હંમેશા યુવા પેઢી માટે રાષ્ટ્રપ્રેમ અને સમર્પણની પ્રેરણા આપતું રહેશે. તેમ સંવેદન ગૃપનાં મંત્રી મેહુલ વાઝાએ જણાવ્યું છે.

## લીલીયાના ગોઢાવદર ગામે વિશ્વ ક્ષય દિવસની ઉજવણી



લીલીયા, તા. ૨૪

લીલીયા તાલુકાના ગોઢાવદર ગામે તા.૨૩ માર્ચના રોજ વિશ્વ ક્ષય દિવસની ઉજવણી નિમિત્તે ગોઢાવદર ગામે ટીબી જન–જાગૃતિ કાર્યક્રમનું સુંદર આયોજન તાલુકા હેલ્થ કચેરી, ટીબી યુનિટ–લીલીયા તથા શાન્તા બા મેડિકલ કોલેજ– અમરેલીના સયુંક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત એક રેલીનું આયોજન કરવામાં આવેલ જે રેલીને ઈન. મામલતદાર આશિષભાઈ ગોસાઈ દ્વારા લીલી ઝંડી આપી રેલીને પ્રસ્થાન કરાવેલ જેમાં તાલુકા હેલ્થ ઓફિસર ડો. સિદ્ધપુરા, પીએસઆઈ વાય.એમ. જાડેજા, તલાટી મંત્રી ચાવડાભાઈ, શાંતાબા મેડિકલ કોલેજના પ્રોફેસર ડો.મોરી, રેસીડેન્ટ ડોકટરો, વિદ્યાર્થીઓ, હેલ્થ સ્ટાફ સહિત ઉપ સરપંચ વિપુલભાઈ ગજેરા, વિજયભાઈ ગજેરા સહિતના લોકો ઉપસ્થિત રહી પ્રોત્સાહન પુરૂ પાડેલ હતું જયારે ટીબી અંગે જન જાગૃતિ ફેલાવવા માટે શેરી નાટકનું પણ આયોજન કરવામાં આવેલ હતું આ કાર્યક્રમમાં આરોગ્ય વિભાગ સ્ટાફ તેમજ ગામના લોકો ઉત્સાહ પૂર્વક મોટી સંખ્યામાં જોડાયા હતા. સૌએ મળીને ટીબી 'મુક્ત ભારત' બનાવવાનો સંકલ્પ કરેલ હતો ટીબી જાગૃતિના કાર્યક્રમને સફળ બનાવવાં માટે જીલ્લા ક્ષય અધિકારીના માર્ગદર્શન તળે તમામ આરોગ્ય કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવેલ હતી તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### ગાંધીનાં ગુજરાતમાં નવી રાજનીતિની શરૂઆત

## આમ આદમી પાર્ટીએ સ્થાનિક ચૂંટણી માટે ૪૬૦થી વધુ ઉમેદવારોનાં નામની યાદી જાહેર કરી

### બાપ, બેટાની રાજનીતિનો અંત : ઈસુદાન ગઢવી

અમરેલી, તા. ૨૪

આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ વિડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે, ગુજરાતમાં આમ આદમી માટે આજે સોનાનો સૂરજ ઉગ્યો છે, સામાન્ય લોકો માટે આજે સોનાનો સૂરજ ઉગ્યો છે. આજે આમ આદમી પાર્ટીએ આમ જનતાને તાલુકા, જિલ્લા, નગરપાલિકા અને મહાનગરપાલિકામાં ઉમેદવારી માટે ટિકિટ આપી છે અને આજે એક નવી રાજનીતિની શરૂઆત કરી છે. આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ તરીકે મને ગર્વ થાય છે, અમે સ્વપ્ન જોયું હતું કે બહુ થયું બાપ–બેટાની રાજનીતિ, હવે સામાન્ય લોકોની રાજનીતિની શરૂઆત કરી છે અને એ અમારૂં સૌભાગ્ય છે. આજે આમ આદમી પાર્ટીએ તાલુકા, જિલ્લા, નગરપાલિકા અને મહાનગરપાલિકાના ઉમેદવારોનું પહેલું લિસ્ટ જાહેર કર્યુ છે. પ્રથમ લિસ્ટમાં ૪૬૦થી વધુ ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ લિસ્ટ પ્રદેશ નેતૃત્વ, સ્ક્રીનિંગ કમિટી અને કેન્દ્રીય નેતૃત્વની સહમતિથી જાહેર કરવામાં આવ્યું છે, જેને લઈને મને ખૂબ આનંદ થાય છે.

આપ નેતા ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું હતુ કે, અત્યાર સુધી ભાજપના સાંસદ હોય તો તેમનો દીકરો ધારાસભ્ય બનવા માંગે, તેમનો દીકરો જિલ્લા પંચાયત અથવા નગરપાલિકા અને મહાનગરપાલિકામાં ટિકિટ મેળવે, આમ સામાન્ય કાર્યકર્તાને કયારેય તક મળતી નહોતી અથવા તો કરોડપતિઓ હોય કે નેતાઓના દીકરાઓને જ તક મળતી હતી. હવે ગુજરાતમાં ચૂંટણી લડવા માટે આમ આદમી પાર્ટી તકો આપી રહી છે. આમ લોકો માટે, આમ જનતા માટે, આમ આદમી માટે ગુજરાતમાં એક નવો સૂર્યોદય થયો છે. ૪૬૦થી વધુ એવા ઉમેદવારોને ટિકિટ આપવામાં આવી છે, જે સામાજિક રીતે સક્રિય છે અને ખરેખર સામાન્ય લોકો છે. હું તમામ ૪૬૦થી વધુ ઉમેદવારોને હાર્દિક અભિનંદન પાઠવું છું. આ નવી રાજનીતિને ગુજરાતની જનતા જાતિ–ધર્મથી ઉપર ઉઠીને સ્વીકારશે એવી હું આશા અને પ્રાર્થના કરૂં છું.

### ગુજરાત રાજય સહકારી બેન્કનાં સહકાર ભવનમાં

## અમદાવાદ ખાતે રાજયકક્ષાનાં ક્રેડીટ કો.ઓપ. સોસાયટીનો સેમિનાર સંપન્ન

### બગસરા શરાફી મંડળીના ચેરમેન પણ ઉપસ્થિત રહ્યા



અમદાવાદ, તા. ૨૪

ગુજરાત સ્ટેટ કો.ઓપ. ક્રેડીટ સોસાયટી ફેડરેશન લી. દ્વારા અમદાવાદ મુકામે ગુજરાત રાજય સહ. બેંકના સહકાર ભવનમાં ''સ્ટેટ લેવલ–કો.ઓપ.ક્રેડીટ સોસાયટીનો સેમીનાર ગુજરાત રાજય સહ.સંઘ તથા ફેડરેશનના ચેરમેન ઘનશ્યામભાઈ અમીનના અધ્યક્ષતામાં યોજવામાં આવેલ. જેમાં બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીના ચેરમેન રનિભાઈ ડોડીઆ તેમજ અમદાવાદ ઠકકરબાપા નગર વિસ્તારના ધારાસભ્ય અને મંડળીના તજજ્ઞ ડીરેક્ટર કંચનબેન રાદડીયા તેમજ જન.એમ.ડી નિતેષભાઈ ડોડીઆ, જન સેક્રેટરી ડી.જી. મહેતા તેમજ ડીરેકટર જયસુખભાઈ ધંધુકીયા (શાખા રાજકોટ) ડીરેકટર અનુરાગભાઈ શમા, હિંમતભાઈ પટેલ તથા શાખા એમ.ડી. મનોજભાઈ બોરડ (પટેલ) શાખા વડોદરા તથા શાખા અમદાવાદ સહિત મહીલા એડવાઈઝરી બોર્ડ તેમજ શાખા અધિકારીઓ અને અન્ય એડવાઈઝરી બોર્ડના સભ્યો ઉપસ્થિત રહેલ.

આ સેમીનારમાં પ્રથમ સુરત એડવોકેટ નરેશ એસ. નાવડીયા તરફથી શરાફી મંડળીએ ધિરાણ વસુલાત માટે સહકારી કાયદા આધિન બોર્ડે ઓફ નોમીનીઝ કોર્ટમાંથી ડી.ઢી. મેળવી સિવીલ કોર્ટમાં દરખાસ્તથી ભજવણી કાર્યવાહી કરવા તેમજ નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૩૮ આધિન ચેક રિટેન કાર્યવાહીથી ધિરાણ વસુલાત કરવા વિશેષ માહીતી આપેલ. તેમજ મહારાષ્ટ્રની બુલદાણા અબન કો.ઓપ.ક્રેડીટ સોસાયટીના એમડીએ વિશેષ માહીતી આપતા જણાવેલ આ મંડળીએ ડબ્બલ પટ્ટીનો રોડ બુલદાણામાં બનાવેલ તેમજ મંડળીની ૪૭૫ શાખાઓ છે. ૪૨૫ જેટલા વેરહાઉસ બનાવેલા છે. અને ૫૧ કરોડનો નફો કરી સભાસદો માટે સહકારના માધ્યમ થકી ઉતમ કાર્યો કરી રહેલ છે. તેમજ મહારાષ્ટ્ર સ્ટેટ કો.ઓપ ક્રેડીટ સોસાયટી ફેડરેશન–પુનાના પ્રમુખ ઓમ પ્રકાશજી દ્વારા મહારાષ્ટ્ર રાજયની સહકારી પ્રવૃત્તિ આર્થિક વહીવટની સાથે ટેકનોલોજીનો વધુ ઉપયોગ કરી રહી છે. વહીવટી કામગીરીની પ્રક્રીયામાં પુર્ણ સહકાર ભર્યુ વલણ દાખવામાં આવે છે. મહારાષ્ટ્ર રાજય સરકાર તરફથી સહકારી મંડળીએની વિકાસમાં સીધી રિતે સહકારી હસ્તક્ષેપ સર્પણ મુકત છે.આમ ગુજરાત રાજય સહકાર વિભાગ તરફથી સહકારી ક્રેડીટ સોસાયટીના વહીવટી માળખામાં હસ્તક્ષેપથી મુકત રાખવાના નિર્ણય સાથે ફેડરેશનમાં ઠરાવો કરવા આવેલ અને યોગ્ય માર્ગદર્શન પણ મળેલ તેમજ મહારાષ્ટ્ર ગોદાવરી. અબન કો.ઓપ.ક્રેડીટ સોસાયટી મું. નાંદેડ (મહારાષ્ટ્ર)ના ચેરપર્સન રાજેશ્રીબેન પાટીલ દવારા સમાજના છેવાડાના માનવીની ''સહકાર સે સમધ્ધિ'' માટે કરવામાં આવતી વિવિધ પ્રવતિથી રૂા ૨૫૦૦ કરોડ ની થાપણો તે પૈકી ૫૦૦ કરોડ સીકોયોર્ડે ધિરાણ ગોલ્ડમાં કરી રૂા.૨૫ કરોડનો નફો કરેલ છે. તેવી માહીતી આપેલ. અને આ સેમીનારમાં ગુજરાત ભરમાંથી અંદાજે ૪૮૦ થી વધુ ડેલીગેટ (પ્રતિનિધીઓ) ઉપસ્થિત રહેલા તેમજ બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીના ચેરમેન રનિભાઈ ડોડીઆ તથા કમીટીના સભ્યોને ગુજરાત ભરની ક્રેડીટ સોસાયટીમાં સુસંચાલન થકી રૂા ૫.૬૪ કરોડનો નફો મેળવી પ્રથમ ક્રમાક આવેલ છે. જે બદલ રાજય સહકારી સંઘ તેમજ ક્રેડીટ સોસા. ફેડરેશનના ચેરમેન ઘનશ્યામભાઈ અમીન, એકઝકયુટીવી ઓફીસર દુશ્યતસિંહ વાઘેલા દ્વારા મંડળીને હદયથી શુભેચ્છા પાઠવેલ.

## સુરત : જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ અને દીપ ચિલ્ડ્રન હોસ્પિટલનાં સહિયારા પ્રયાસોથી

# ૧૪૪ કલાકનાં નવજાત શિશુનાં અંગદાન થકી ૪ વ્યકિતઓને નવજીવનની ભેટ

**નવજાત શિશુને થોડા કલાકોની સારવાર બાદ બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યું**

**નવજાત શિશુનાં પરિવારજનોને અંગદાન અંગે યોગ્ય રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું**

**રાજસ્થાનનાં વતની અને સુરત ખાતે રહેતા પરિવારે માનવતાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડયું**

**નવજાત શિશુની બંને કિડનીઓ અને બંને ચક્ષુઓ થકી ૪ વ્યકિતને નવજીવન મળશે**





સુરત, તા. ૨૪

તા. ૧૬/૦૩/૨૦૨૬ના રોજ સાંજે હોસ્પિટલમાં એક તરફ પરિવારજનો દ્વારા હનુમાનચાલીસાના પાઠ ચાલી રહ્યા હતા, ત્યારે બીજી તરફ ભૂમિકાબેનએ નોર્મલ ડિલિવરી દ્વારા બાળકને જન્મ આપ્યો હતો. જન્મ પછી બાળક દ્વારા રડવાનો પ્રતિસાદ ન મળતા તાત્કાલિક તેને આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યું હતું. શરૂઆતથી જ ન્યુરોલોજીકલ મૂવમેન્ટ ન હોવાથી વિશેષ બ્રેઈન રિપોટર્સ કરવામાં આવ્યા હતા.

સઘન સારવાર છતાં તા. ૨૨/૦૩/૨૦૨૬ના રોજ દીપ ચિલ્ડ્રન હોસ્પિટલના ડો. દર્શન ધોળકિયા, ડો. મયંક દેત્રોજા, ડો. દિવ્યા રંગુનવાલા અને ડો. ગૌતમ ખાખરિયા સહિતની ટીમ દ્વારા બેબીને બ્રેઈન ડેડ જાહેર કરવામાં આવતા ડો. દર્શન ધોળકિયા દ્વારા જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન ટીમનો સંપર્ક કરવામાં આવ્યો.

જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન ટીમના પી.એમ. ગોંડલિયા, ડો. નિલેશ કાછડીયા, વિપુલ તળાવીયા અને જસ્વીન કુંજડિયા દ્વારા પરિવારજનોને અંગદાન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બેબીની માતા ભૂમિકાબેન નર્સિંગ સ્ટાફ હોવાથી તેમણે પોતાના પતિ પ્રકાશભાઈ અને અન્ય તમામ પરિવારના સ્વજન સાથે ચર્ચા કરીને અંગદાન માટે સંમતિ આપી–જે સર્વત્ર સમાજ માટે પ્રેરણારૂપ નિર્ણય સાબિત થયો છે.

અંગદાનની સંમતી મળતા સોટોમાં રજીસ્ટ્રેશન પ્રોસેસ શરૂ કરવામાં આવી હતી, જેમાં સોટો ડાયરેકટર પ્રાંજલ મોદી, પ્રિયાબેન શાહ અને હાર્દિકભાઈ જેઠવાનો ખુબ મોટો સહયોગ પ્રાપ્ત થયો હતો.

આ અંગદાન અંતર્ગત બંને કિડનીઓ IKDRC, અમદાવાદ ખાતે અને બંને ચક્ષુઓ લોકદ્રષ્ટિ ચક્ષુબેંક દ્વારા સ્વીકારવામાં આવ્યા છે. આ અંગદાનથી ચાર લોકોને નવજીવન મળશે.

સમગ્ર અંગદાન પ્રક્રિયામાં ઈન્દ્રલાલ સોની, લતાબેન સોની, રમેશચંદ્ર સવર્ણકાર, અનુરાધા સવર્ણકાર, દીપકચંદ્ર સવર્ણકાર, મોનીકા સવર્ણકાર, રૂપેશ સોની, પૂજાબેન સોની તેમજ ડો. દર્શન ધોળકિયા, ડો. ગૌતમ ખાખરિયા, ડો. દેત્રોજા, ડો. નિલેશ કાછડીયા, વિપુલ તળાવીયા, જસ્વીન કુંજડિયા, બિપિન તળાવીયા (ટાઈગર ફોર્સ), ભાવિન શિરોયા (મહામંત્રી યુવા મોરચા, ગુજરાત પ્રદેશ), ડો. પ્રફુલભાઈ શીરોયા, ડો. કેતન કાનાણી, આશિષ સાવલિયા, મિલન રાખોલિયા, રાજ ગોધાણી સહિતના અગ્રણીઓએ મહત્વપૂર્ણ સહયોગ આપ્યો હતો.

વિશેષ સહયોગ ગુજરાત પોલીસ દ્વારા દીપ ચિલ્ડ્રન હોસ્પિટલ, સિંગણપોર ચોકડી, કતારગામથી લઈને IKDRC, અસારવા, અમદાવાદ સુધી ગ્રીન કોરિડોર સુવ્યવસ્થિત રીતે તૈયાર કરવામાં આવ્યો હતો, જેના કારણે અંગોને સમયસર પહોંચાડવામાં સફળતા મળી.

આ દુઃખદ ઘટનામાંથી પણ માનવતાનો મહાન સંદેશ આપતા સવર્ણકાર પરિવારનો આ નિર્ણય સમાજ માટે પ્રેરણારૂપ બની રહ્યો છે–"અંગદાન એટલે જીવનદાન"નો સંદેશ વધુ મજબૂત બન્યો છે.

જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ અને દીપ ચિલ્ડ્રન હોસ્પિટલ, કતારગામના સહયારા પ્રયાસોથી ૩૧મું અંગદાન સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું.

આ અંગદાન અંતર્ગત બંને કિડની અને બંને ચક્ષુઓ દાન કરવામાં આવ્યા, જેના થકી કુલ–૪ને નવજીવન મળશે.

**"અંગદાન – સર્વશ્રેષ્ઠ દાન"**

## બગસરા : પૂજય આપા ગીગાની જગ્યાએ રામ જન્મ મહોત્સવ પર્વની ઉજવણી કરાશે

બગસરા, તા. ૨૪



બગસરા અહીંની પ્રાચીન સુપ્રસિદ્ધ પૂજય આપાગીગા ગાદી મંદિરમાં ભગવાન રામ લલ્લાના જન્મ મહોત્સવ પર્વની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવેલ છે પૂજય મહંત જેરામ બાપુના અધ્યક્ષ સ્થાને સવારે ૬:૪૫ મંગળા આરતી ૭ કલાકે હનુમાન ચાલીસા હોમાત્મક યજ્ઞ ૧૧:૩૦ કલાકે ભગવાન રામ લલ્લાની પ્રાગટ્ય પૂજન ૧૨ કલાકે મહા આરતી તેમજ ભાવિકો માટે પ્રસાદમાં (ફરાળ)ની વ્યવસ્થા કરવામાં આવેલ છે આ કાર્યક્રમનું ગીગેવ પરિવાર તેમજ ગાદી મંદિરના કોઠારી હરિબાપુ સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે તો આ ભવ્ય મહોત્સવમાં ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, ફિરદોસ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

શું તમને સાંભળવાની તકલીફ છે ?
ફ્રી બહેરાશની તપાસ સલાહ, માર્ગદર્શન
તા. ૧૫ થી ૩૧ માર્ચ સુધી
• નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
• જર્મની, ડેન્માર્ક ના આધુનિક મશીન વ્યાજબી કિંમતમાં
સરકારી નોકરીયાત / પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાયમી સરનામું
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

ગરમીમાં પણ COOL RIDE
10,000* OFF
₹65,268/-
Shine 100
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.

HERO KA SCOOTER SCOOTER KA HERO
Hero
INTRODUCING NEW Destini 110
EX-SHOWROOM STARTING FROM ₹75,500/-
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન સીસીટીવી
રેન્ટલ સર્વિસ | ઉપલબ્ધ સુવિધાઓ | સેલ્સ & સર્વિસ
પ્રોજેકટર + સ્કીન | સર્વેલન્સ સર્વિસીઝ
૫૫" ટીવી | ઓલ્ડ નેટવર્ક રીનોવેશન
લેપટોપ | ન્યુ નેટવર્ક ડેવલોપમેન્ટ
P.A. (માઇક) સીસ્ટમ | મીડીયા નેટવર્ક
કોર્ડલેસ માઇક સીસ્ટમ | (કેટ-૬ & ફાયબર કેબલ)
માઇક સીસ્ટમ ઈન્સ્ટોલેશન | ડબલ નેટવર્ક લોડ બેલેન્સર
કમલેશ ટાંક (પ્રિસિઝન ટેલીકોમ - પ્રોજેકટ) 90 812 34 307
શૈલેષ ગોંઢા (સીસીટીવી કન્સલટન્ટ) 90 812 34 308
૧૩૭, ફર્સ્ટ ફલોર, વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)
Helpline : 95 86 86 86 49

MARUTI SUZUKI ARENA
CELEBRATE NEW YEAR WITH AMAZING PRICES.
DZIRE
Happy New Year 2026
EFFECTIVE PRICE OF ₹6.26 LAKH*
Also Available in S-CNG
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

YAMAHA Revs Your Heart
BOOK NOW TO AVOID FESTIVE RUSH
PRICED NOW AT ~~₹1,45,190~~ ₹1,33,132
THANK YOU, GST!
GST BENEFIT ₹12,058* + INSURANCE BENEFIT UP TO ₹6,501*
FZ-S Fi HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ ખમણ હાજરમાં મળશે. ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે.લીલીયા રોડ.અમરેલી.

શું તમે હરસ.મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો.સહન ન કરો.સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા
BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોકટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
• હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
• જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
• રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
• ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
• નાસુર Pilo nidal sinus ની સારવાર
• ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
• પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
• મૂત્રમાર્ગ તથા પિતાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોકટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

### રાજ્યસભામાં PM મોદીનું સંબોધન

# મિડલ ઈસ્ટ યુદ્ધ લાંબુ ખેંચાયું તો ગંભીર દુષ્પરિણામ આવશે

## આમાંથી બહાર આવવામાં પણ વિશ્વને ઘણો સમય લાગશે સરકાર પળેપળ બદલાતી પરિસ્થિતિ પર સતત નજર રાખી રહી છે

નવી દિલ્હી,તા.૨૪

પીએમ મોદીએ જણાવ્યું હતું કે, જો આ યુદ્ધ ચાલુ રહેશે, તો તેના ગંભીર પરિણામો આવશે. તેમણે કહ્યું કે, ભારત દરેક ક્ષેત્રમાં એવો પ્રયાસ કરી રહ્યું છે કે કોઈપણ ક્ષેત્રમાં અન્ય દેશો પર વધુ પડતી નિર્ભરતા ન રહે. વડાપ્રધાને શિપ બિલ્ડિંગથી લઈને રેર અર્થ મિનરલ્સ (દુર્લભ ખનિજો) સુધી, આત્મનિર્ભરતાના પ્રયાસો ગણાવ્યા અને કહ્યું કે આ સંકટે દુનિયાને હચમચાવી દીધી છે. આમાંથી બહાર આવવામાં પણ વિશ્વને ઘણો સમય લાગશે. સરકાર પળેપળ બદલાતી પરિસ્થિતિ પર સતત નજર રાખી રહી છે.

PM મોદીએ કહ્યું છે કે, પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધને ત્રણ સપ્તાહનો સમય થઈ ગયો છે. જેના કારણે વિશ્વમાં ગંભીર ઉર્જા સંકટ ઊભું થયું છે. જેની અસર ભારત પર પણ પડી રહી છે. આ યુદ્ધના કારણે ભારતના વેપારના રસ્તા પ્રભાવિત થઈ રહ્યા છે. ગલ્ફ દેશોમાં એક કરોડથી વધુ ભારતીયો વસે છે, તેથી તેમની સુરક્ષા પણ ભારત માટે ચિંતાનો વિષય છે. મેં પશ્ચિમ એશિયાના મોટા ભાગના દેશોના વડાઓ સાથે બે વખત વાતચીત કરી છે. આવી મુશ્કેલ પરિસ્થિતિમાં પ્રભાવિત પરિવારોને મદદ આપવામાં આવી રહી છે. ત્યાંનાં તમામ દેશોએ ભારતીયોની સુરક્ષાનું આશ્વાસન આપ્યું છે. જોકે કેટલાક ભારતીયોનું દુઃખદ નિધન થયું છે, તેમની મદદ માટે સતત પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

ભારતમાં મોટા પ્રમાણમાં ક્રૂડ ઓઈલ અને ગેસ હોર્મુઝ સ્ટ્રેટના રસ્તે આયાત કરવામાં આવે છે. યુદ્ધ બાદથી જ હોર્મુઝ સ્ટ્રેટમાં જહાજોની અવરજવર પડકારજનક થઈ ગઈ છે. LPGનું પ્રોડક્શન ભારતમાં જ થાય તેવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. પેટ્રોલ અને ડીઝલની સપ્લાય પણ જળવાઈ રહે તેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ભારત પાસે આજે ૫૩ લાખ મેટ્રિક ટનનું પેટ્રોલિયમ ભંડાર રિઝર્વ છે.

પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, યુદ્ધની શરૂઆત બાદ મેં પશ્ચિમ એશિયાના દેશોના વડા સાથે બે વખત વાતચીત કરી છે. અમે ઈરાન, ઈઝરાયલ અને અમેરિકા સાથે પણ સતત સંપર્કમાં છીએ. અમે હોર્મુઝ સ્ટ્રેટ ખોલવા અંગે પણ વાતચીત કરી છે. કોમર્શિયા જહાજો પર હુમલા અને હોર્મુઝ સ્ટ્રેટમાં અડચણ અસ્વીકાર્ય છે. ભારતે નાગરિકો તથા સિવિલ ઈન્સફરાસ્ટ્રક્ચર પર હુમલાનો વિરોધ કર્યો છે. ભારત ડિપ્લોમેસીના માધ્યમથી યુદ્ધના આ માહોલમાં જહાજોની અવરજવર માટે સતત પ્રયાસ કરી રહ્યું છે.

આ સંકટ આપણી મોટી પરીક્ષા લેશે અને આ પરીક્ષામાં રાજ્યોનો સહકાર મળે તે આવશ્યક છે. સંકટના સમયમાં ગરીબ અને શ્રમિકો પર અસર પડે છે. તેથી તેમને અનાજ મળતું રહે તે સુનિશ્ચિત કરવું જોઈએ. રાજ્ય સરકારોએ આવા સમયમાં સંગ્રહખોરી કરનારાઓ સામે કાર્યવાહી કરવી જોઈએ. જરૂરી ચીજ વસ્તુઓની સપ્લાય ચાલતી રહે તે સુનિશ્ચિત કરવું જોઈએ. હું તમામ રાજ્ય સરકારોને અનુરોધ કરવા માંગુ છું કે સંકટ ભલે ગમે તેટલું મોટું હોય, ભારતની અર્થવ્યવસ્થા તેજીથી આગળ વધે તે માટે સતત પ્રયાસ કરવા પડશે. કોરોના સંકટ સમયે કેન્દ્ર અને રાજ્યોએ ટીમ ઈન્ડિયા બનીને સારું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આપણે તે જ ભાવના સાથે આગળ પણ કામ કરવાનું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારોના પ્રયાસોથી દેશ આ ગંભીર વૈશ્વિક સંકટનો સામનો કરશે.

પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, દુનિયાના અનેક દેશોથી ક્રૂડ ઓઈલ અને LPGના જહાજ ભારત પહોંચી રહ્યા છે. જો યુદ્ધની પરિસ્થિતિ લાંબા સમય સુધી રહે તો ગંભીર દુષ્પરિણામ નક્કી છે. જે માટે ભારતે તૈયારી શરૂ કરી છે. ભારતનો ૯૦ ટકા વેપાર વિદેશી જહાજો પર થાય છે, જેથી ભારતે હવે મેડ ઈન ઈન્ડિયા જહાજો બનાવવા માટે ૭૦ હજાર કરોડ રૂપિયાનું અભિયાન શરૂ કર્યું છે. આ સિવાય ભારતના મોટા ભાગના હથિયાર પણ દેશમાં જ બનાવવામાં આવી રહ્યા છે. વર્તમાન સંકટના કારણે વૈશ્વિક અર્થવ્યવસ્થાને મોટું નુકસાન થયું છે.

આ સંકટ અલગ પ્રકારનું છે તેથી આપણે ધૈર્ય સાથે શાંત મને દરેક સંકટનો સામનો કરવાનો છે. યુદ્ધમાં પળેપળ પરિસ્થિતિ બદલાઈ રહી છે. હું દેશવાસીઓને અપીલ કરું છું કે આપણે દરેક સંકટથી લડવા તૈયાર રહેવું પડશે.

# શાંતિ મંત્રણા વચ્ચે ટ્રમ્પનો નવો પેંતરો! પોતાની જ સરકારના મંત્રી પર ઢોળ્યો યુદ્ધના દોષનો ટોપલો

## ટ્રમ્પે આ અંગે વધુમાં કહ્યું કે આ વ્યૂહાત્મક વાતચીત અને પ્લાનિંગ હુમલાની એક-બે રાત પહેલા જ શરૂ થઈ ગયું હતું



નવી દિલ્હી,તા.૨૪

ઈરાન પરના હુમલા બાદ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મોટો ખુલાસો કરતા જણાવ્યું છે કે તેમને આ યુદ્ધ શરૂ કરવા માટે પ્રોત્સાહન અને સલાહ કોણે આપી હતી. અત્યાર સુધી એવી ચર્ચાઓ હતી કે નેતન્યાહૂએ ટ્રમ્પને આ હુમલા માટે ઉકસાવ્યા છે, પરંતુ ટ્રમ્પે મીડિયા સમક્ષ સ્પષ્ટ કર્યું છે કે તેમના વોર સેક્રેટરી પીટ હેગસેથ તે પ્રથમ વ્યક્તિ હતા જેમણે ઈરાન સામે સૈન્ય કાર્યવાહી કરવાની સલાહ આપી હતી. ટ્રમ્પે જણાવ્યું કે તેમણે પોતાના દિગ્ગજ મંત્રીઓ અને જનરલ કેન સાથે ઈરાન અંગેની ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે ઈરાન છેલ્લા ૪૭ વર્ષથી આતંક ફેલાવી રહ્યું છે અને તે પરમાણુ હથિયાર બનાવવાની ખૂબ જ નજીક છે.ટ્રમ્પના જણાવ્યા અનુસાર, તેમણે પોતાના નેતાઓ સામે બે વિકલ્પ મૂક્યા હતાઃ કાં તો અમેરિકા આગળ વધીને આ સમસ્યાને મોટી થવા દે અથવા તો અત્યારે જ હસ્તક્ષેપ કરીને મિડલ ઈસ્ટની આ મોટી સમસ્યાનો અંત લાવે. આ દરમિયાન પીટ હેગસેથે સૌથી પહેલા અવાજ ઉઠાવ્યો હતો અને ઈરાનને પરમાણુ હથિયાર બનાવતા રોકવા માટે હુમલો કરવાનું સમર્થન કર્યું હતું. ટ્રમ્પે આ અંગે વધુમાં કહ્યું કે આ વ્યૂહાત્મક વાતચીત અને પ્લાનિંગ હુમલાની એક-બે રાત પહેલા જ શરૂ થઈ ગયું હતું, જેના પરિણામે અમેરિકા અને ઈઝરાયલ દ્વારા સંયુક્ત રીતે આક્રમણ કરવામાં આવ્યું.નોંધનીય છે કે ૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાન પર ભીષણ બોમ્બમારો કરવામાં આવ્યો હતો, જેમાં ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લા અલી ખામેનેઈનું મૃત્યુ થયું હતું. આ યુદ્ધને હવે ૨૫ દિવસ વીતી ચૂક્યા છે અને આ સમયગાળા દરમિયાન ઈરાનના અનેક દિગ્ગજ નેતાઓએ જીવ ગુમાવ્યા છે. ટ્રમ્પના આ તાજેતરના નિવેદનથી સ્પષ્ટ થાય છે કે ઈરાન વિરુદ્ધની આ આખી વ્યૂહનીતિમાં પીટ હેગસેથની ભૂમિકા અત્યંત મહત્ત્વની રહી છે.

### ડિઝલમાં પણ શરૂ કરો બ્લેન્ડિંગઃ AIDAનો ગડકરીને પત્ર

# પેટ્રોલમાં ૨૦ નહીં ૩૦ ટકા ઈથેનોલ ભેળવવું જોઈએ

## એક દાયકા પહેલા પેટ્રોલમાં માત્ર ૧-૨% એથેનોલ ભળતું હતું, જે હવે ૨૦% સુધી પહોંચી ગયું છે

નવી દિલ્હી,તા.૨૪

દુનિયામાં વધી રહેલા તણાવ અને મોંઘા થઈ રહેલા તેલ વચ્ચે ભારત પોતાની ઉર્જા સુરક્ષા (Energy Secu®iy) મજબૂત કરવા માટે એથેનોલ પર મોટું ફોકસ કરી રહ્યું છે. ઓલ ઈન્ડિયા ડિસ્ટિલર્સ એસોસિએશન (AIDA) એ કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીને પત્ર લખીને પેટ્રોલમાં એથેનોલનું પ્રમાણ ૨૦% થી વધારીને ૩૦% (E30) કરવાની અને ફ્લેક્સ ફ્યુઅલ વાહનો પર ભાર મૂકવાની માંગ કરી છે.લોકસભામાં સંબોધન દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, ભારત હવે ૨૭ ને બદલે ૪૧ દેશો પાસેથી એનર્જી ઈમ્પોર્ટ કરે છે. એથેનોલ વિશે તેમણે કહ્યું, "છેલ્લા ૧૦-૧૧ વર્ષમાં એથેનોલ બ્લેન્ડિંગ પર શાનદાર કામ થયું છે. એક દાયકા પહેલા પેટ્રોલમાં માત્ર ૧-૨% એથેનોલ ભળતું હતું, જે હવે ૨૦% સુધી પહોંચી ગયું છે. આના કારણે દર વર્ષે લગભગ સાડા ૪ કરોડ બેરલ પેટ્રોલ ઓછું ઈમ્પોર્ટ કરવું પડે છે."

ભારતે નિર્ધારિત સમય પહેલા ૨૦% એથેનોલ બ્લેન્ડિંગનું લક્ષ્ય હાંસલ કરી લીધું છે. હવે AIDA ઈચ્છે છે કે આ સ્તર વધારીને ૩૦% કરવામાં આવે. પશ્ચિમ એશિયાના તણાવને કારણે જો તેલના ભાવ વધે, તો એથેનોલ દેશની અર્થવ્યવસ્થા માટે સુરક્ષા કવચ તરીકે કામ કરી શકે છે. આનાથી વિદેશી મુદ્રાની બચત થશે અને ખેડૂતોને શેરડી જેવા પાકના વધુ સારા ભાવ મળશે.બ્રાઝિલની જેમ ભારતમાં પણ ફ્લેક્સ-ફ્યુઅલ વાહનોને પ્રોત્સાહન આપવાની જરૂર છે, જે ૧૦૦% એથેનોલ પર પણ ચાલી શકે. એસોસિએશને એવો પણ સુઝાવ આપ્યો છે કે એથેનોલનો ઉપયોગ માત્ર વાહનો સુધી સીમિત ન રાખીને રસોડામાં એથેનોલ બેઝ્ડ બર્નર તરીકે પણ કરવો જોઈએ.એથેનોલ બાદ હવે આઈસોબ્યુટેનોલ પર પણ કામ શરૂ થઈ ગયું છે. નિતિન ગડકરીએ અગાઉ સંકેત આપ્યા હતા કે ડીઝલમાં ૧૦% આઈસોબ્યુટેનોલ ભેળવવાના પ્રયોગો ચાલી રહ્યા છે. કિર્લોસ્કર સાથે મળીને ૧૦૦% આઈસોબ્યુટેનોલ પર ચાલતું એન્જિન પણ તૈયાર કરવામાં આવ્યું છે.

# હિન્દુ, શીખ કે બૌદ્ધ સિવાયના ધર્મ અપનાવનારાને SC-ST એક્ટનો લાભ ન મળી શકેઃ સુપ્રીમ કોર્ટ

## SC/ST અત્યાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૯ હેઠળ રક્ષણ કે અન્ય કોઈ બંધારણીય લાભોનો દાવો કરી શકે નહીં

નવી દિલ્હી,તા.૨૪

સુપ્રીમ કોર્ટે ધર્મ પરિવર્તનના મામલે એક ઐતિહાસિક અને મહત્ત્વનો ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે, ધર્મ પરિવર્તન કર્યા બાદ વ્યક્તિને અનુસૂચિત જાતિ (SC)નો દરજ્જો મળી શકશે નહીં. કોર્ટે પોતાના નિર્ણયમાં જણાવ્યું છે કે, જે વ્યક્તિ હિન્દુ, શીખ અથવા બૌદ્ધ ધર્મ સિવાય અન્ય કોઈ પણ ધર્મ સ્વીકારે છે, તેને અનુસૂચિત જાતિના સભ્ય ગણી શકાય નહીં. અદાલતે ખાસ સ્પષ્ટતા કરી છે કે જો કોઈ વ્યક્તિ ખ્રિસ્તી ધર્મ અપનાવે છે, તો તેને SC/ST એક્ટ હેઠળ મળતા રક્ષણ કે લાભનો અધિકાર રહેશે નહીં.

સુપ્રીમ કોર્ટે એક અત્યંત મહત્ત્વનો ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે, જો કોઈ વ્યક્તિ પોતાનો મૂળ ધર્મ છોડીને ખ્રિસ્તી ધર્મ અપનાવે છે, તો તે અનુસૂચિત જાતિ (SC)ના સભ્ય તરીકેનો પોતાનો દરજ્જો ગુમાવે છે. જસ્ટિસ પીકે મિશ્રા અને જસ્ટિસ એ વી અંજારિયાની બેન્ચે આંધ્રપ્રદેશ હાઈકોર્ટના નિર્ણયને યથાવત રાખતા જણાવ્યું હતું કે, જે વ્યક્તિ સક્રિયપણે ખ્રિસ્તી ધર્મનું પાલન કરે છે, SC/ST અત્યાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૯ હેઠળ રક્ષણ કે અન્ય કોઈ બંધારણીય લાભોનો દાવો કરી શકે નહીં.અદાલતે ભારપૂર્વક નોંધ્યું હતું કે હિન્દુ, શીખ અથવા બૌદ્ધ ધર્મ સિવાયના અન્ય કોઈ પણ ધર્મમાં પરિવર્તન કરવાથી અનુસૂચિત જાતિનો દરજ્જો આપોઆપ સમાપ્ત થઈ જાય છે. આ નિર્ણય મુજબ, ધર્મ પરિવર્તન કરનાર વ્યક્તિ પોતાની જૂની જ્ઞાતિના આધારે અનામત કે કાયદાકીય સુરક્ષા મેળવવા માટે હકદાર રહેતી નથી. આ ચુકાદો ધર્મ પરિવર્તન અને જ્ઞાતિ આધારિત અધિકારો વચ્ચેની કાયદાકીય સ્થિતિને વધુ સ્પષ્ટ કરે છે.

સુપ્રીમ કોર્ટના આ ઐતિહાસિક ચુકાદાની વિગતો મુજબ, કેસનો મુખ્ય પક્ષકાર છેલ્લા ૧૦ વર્ષથી ખ્રિસ્તી ધર્મનું પાલન કરતો હતો અને પાદરી તરીકે રવિવારની પ્રાર્થનાઓ પણ કરાવતો હતો, જે બાબત કોર્ટના રેકોર્ડ પર સાબિત થઈ હતી. આ તથ્યોને આધારે સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ ઠેરવ્યું કે, જે વ્યક્તિ લાંબા સમયથી અન્ય ધર્મની પરંપરાઓનું પાલન કરતી હોય, તેને અનુસૂચિત જાતિ (SC)ના સભ્ય માની શકાય નહીં. આથી, આવી વ્યક્તિને SC/ST એક્ટ હેઠળ મળતું કાયદાકીય રક્ષણ આપવું ઉચિત નથી.

આ ચુકાદાથી હવે કાયદાકીય સ્થિતિ એકદમ સ્પષ્ટ થઈ ગઈ છે કે, જો કોઈ વ્યક્તિ હિન્દુ, શીખ કે બૌદ્ધ ધર્મ સિવાયનો અન્ય કોઈ ધર્મ અપનાવે છે, તો તે પોતાની મૂળ જ્ઞાતિના આધારે મળતા અનામત કે અન્ય બંધારણીય લાભો મેળવવા માટે હકદાર રહેશે નહીં. ધર્મ પરિવર્તન કરવાની સાથે જ અનુસૂચિત જાતિ તરીકેનો તેનો દરજ્જો અને તે સાથે જોડાયેલા તમામ સરકારી કે કાયદાકીય અધિકારો આપોઆપ સમાપ્ત થઈ જાય છે.

### યુદ્ધનો અંત નજીક?

# ઈરાનના મોજતબા ખામેનેઈ ટ્રમ્પ સાથે વાતચીત કરવા તૈયાર

## મોજતબા ખામેનેઈ કેટલીક શરતો સાથે અમેરિકા સાથે વાતચીત કરવા અને સમજૂતી કરવા માટે સંમત થયા છે

નવી દિલ્હી,તા.૨૪

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધને આજે ૨૫ દિવસ પૂર્ણ થયા છે. એક તરફ બંને પક્ષો વચ્ચે વિસ્ફોટક હુમલાઓ ચાલુ છે, તો બીજી તરફ યુદ્ધવિરામ માટેના સંકેતો પણ મળી રહ્યા છે. રિપોર્ટ અનુસાર, ઈરાનના નવા સર્વોચ્ચ નેતા મોજતબા ખામેનેઈ હવે આ જંગનો અંત લાવવા માટે તૈયાર દેખાઈ રહ્યા છે. સાઉદી અરેબિયાના મીડિયા રિપોર્ટ્સ મુજબ, મોજતબા ખામેનેઈ કેટલીક શરતો સાથે અમેરિકા સાથે વાતચીત કરવા અને સમજૂતી કરવા માટે સંમત થયા છે, જે આ યુદ્ધમાં એક મોટો વળાંક સાબિત થઈ શકે છે.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ આ દિશામાં હકારાત્મક સંકેતો આપ્યા છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રૂથ' પર પોસ્ટ કરીને ઈરાન સાથેની વાતચીતને પ્રોત્સાહક ગણાવી છે. આ વાટાઘાટોને સફળ બનાવવા માટે ટ્રમ્પે આગામી ૫ દિવસ સુધી ઈરાનના પાવર પ્લાન્ટ્સ અને એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર થનારા હુમલાઓને મુલતવી રાખવાનો નિર્ણય લીધો છે. ટ્રમ્પના મતે, શાંતિ સ્થાપવા માટેની આ ચર્ચાઓ આગામી આખું અઠવાડિયું ચાલુ રહેશે, જેથી મધ્ય પૂર્વમાં વ્યાપેલો તણાવ ઓછો કરી શકાય.બીજી તરફ કેટલાક મીડિયા અહેવાલોમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં અમેરિકા અને ઈરાનની મહત્ત્વની બેઠક થઈ શકે છે. જ્યારે વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટને પૂછવામાં આવ્યું કે શું અમેરિકન પ્રતિનિધિ મંડળ જેરેડ કુશનર અને સ્ટીવ વિટકોફ ઈસ્લામાબાદમાં ઈરાની અધિકારીઓને મળવાના છે, ત્યારે તેમણે જણાવ્યું કે, આ સંવેદનશીલ ડિપ્લોમેટિક ચર્ચાઓ છે અને અમે પ્રેસ દ્વારા આની જાહેરાત કરીશું નહીં. જ્યાં સુધી સત્તાવાર જાહેરાત ન થાય ત્યાં સુધી કોઈ પણ અટકળોને અંતિમ માનવી જોઈએ નહીં.

### સુપ્રીમ કોર્ટ, ૨૩ વર્ષની લડતનો અંત!

# સૈન્યમાં મહિલા અધિકારીઓ કાયમી કમિશનની હકદાર

## ચીફ જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચે બંધારણની કલમ ૧૪૨ હેઠળ પોતાની અસાધારણ સત્તાનો ઉપયોગ કરીને આ ચુકાદો આપ્યો છે

નવી દિલ્હી,તા.૨૪

સશસ્ત્ર દળોમાં લિંગ સમાનતાને મજબૂત કરતા એક સીમાચિહ્નરૂપ ચુકાદામાં, સુપ્રીમ કોર્ટે મંગળવારે ઠેરવ્યું છે કે શોર્ટ સર્વિસ કમિશન (SSC) ના મહિલા અધિકારીઓ પરમેનન્ટ કમિશન (PC) મેળવવા માટે હકદાર છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચે બંધારણની કલમ ૧૪૨ હેઠળ પોતાની અસાધારણ સત્તાનો ઉપયોગ કરીને આ ચુકાદો આપ્યો છે. કોર્ટે અવલોકન કર્યું કે, અત્યાર સુધી મહિલા અધિકારીઓ પ્રત્યે પ્રણાલીગત પૂર્વગ્રહ રાખવામાં આવ્યો હતો. કોર્ટે કહ્યું કે, મહિલા અધિકારીઓને ક્ષતિગ્રસ્ત અને ભેદભાવભર્યા મૂલ્યાંકન માળખાનો ભોગ બનવું પડ્યું હતું. વર્ષે માત્ર ૨૫૦ મહિલા અધિકારીઓને જ પરમેનન્ટ કમિશન આપવાની મર્યાદા મનસ્વી છે અને તેને યોગ્ય માની શકાય નહીં. મહિલાઓના એન્યુઅલ કોન્ફિડેન્શિયલ રિપોર્ટ્સ (ACRs) અત્યંત બેદરકારીથી તૈયાર કરવામાં આવ્યા હતા, કારણ કે એવું માની લેવામાં આવ્યું હતું કે તેઓ ક્યારેય PC માટે પાત્ર બનશે જ નહીં. સુપ્રીમ કોર્ટે નોંધ્યું કે, "પુરુષ SSCOs એવી અપેક્ષા ન રાખી શકે કે પરમેનન્ટ કમિશન માત્ર પુરુષો માટે જ રહેશે. મહિલાઓને નકારવામાં આવેલો આ હક ભેદભાવનું પરિણામ હતું."ભારતીય સેનાઃ જે મહિલા અધિકારીઓ પરમેનન્ટ કમિશન માટે હકદાર હતી, તેઓએ ૨૦ વર્ષની ક્વોલિફાઈંગ સેવા પૂર્ણ કરી હોવાનું માનવામાં આવશે. તેઓ પેન્શન અને તમામ આનુષંગિક લાભો માટે પાત્ર ગણાશે. જોકે, આ આદેશ JAG અને AEC કેડરના અધિકારીઓને લાગુ પડશે નહીં.

ભારતીય નૌકાદળઃ ૨૦૦૯ પછી ભરતી થયેલી તમામ મહિલા અધિકારીઓ પરમેનન્ટ કમિશન માટે હકદાર ગણાશે. મેડિકલ ફિટનેસને આધીન રહીને તેમને આ લાભ મળશે. કોર્ટે નૌકાદળની પસંદગી પ્રક્રિયામાં પારદર્શિતાના અભાવ અંગે પણ ટિપ્પણી કરી હતી. ભારતીય વાયુસેનાઃ કોર્ટે સ્વીકાર્યું કે જેમને કરિયર ડેવલપમેન્ટની સમાન તક નથી મળી, તેમને સેવાની લંબાઈના આધારે PC નકારી શકાય નહીં. જોકે, ઓપરેશનલ અસરકારકતાને ધ્યાનમાં રાખીને ફરીથી નિમણૂક આપવાને બદલે તેમને પેન્શન અને અન્ય આર્થિક લાભો આપવા પર ભાર મૂક્યો છે.

ભવિષ્ય માટે નવી દિશાઃ સુપ્રીમ કોર્ટે સશસ્ત્ર દળોમાં મૂલ્યાંકન પ્રક્રિયાની વ્યાપક સમીક્ષા કરવાનો આદેશ આપ્યો છે, જેથી માળખાગત પૂર્વગ્રહો દૂર કરી શકાય અને ભવિષ્યમાં મહિલા અધિકારીઓને કોઈ પણ ગેરલાભ ન થાય.

# બાળકોના અલ્પાહારના મેનૂમાં ફેરફાર કરાયો

અમદાવાદ,તા.૨૪

રાજ્યની ૩૨૨૩૦ શાળાઓના અંદાજે ૩૮.૫૦ લાખ જેટલા વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજનની સાથે સપ્તાહમાં એક વખત અપાતી સુખડી બંધ કરવાનો નિર્ણય લેવાયો છે. ફિટ ઈન્ડિયાના નામે તેલની માત્રા ઓછું કરવાનું કારણ ધરી માત્ર બે જ વર્ષમાં સુખડી યોજનાનુ શટર પાડી દેવાયું છે. આ સાથે ભોજન ઉપરાંત અપાતા નાસ્તાના મેનૂમાં પણ મોટો ફેરફાર કરાયો છે.અત્યાર સુધી નાસ્તામાં ચણા ચાટ અને શ્રી અન્ન મિલેટ સુખડી અપાતી હતી. જેના બદલે હવે મગચાટ, વેજિટેબલ પૌંવા, મિક્ષ કઠોળ ચાટ, શ્રી અન્ન મિલેટ સુખડી અને વેજિટેબલ ઉપમા આપવામાં આવશે. રાજ્યની તમામ સરકારી શાળાના વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન અપાય છે. માર્ચ ૨૦૨૪માં રાજ્ય સરકારે ભોજન ઉપરાંત સપ્તાહમાં એક દિવસ વિદ્યાર્થીઓને સુખડી આપવા અંગે સત્તાવાર ઠરાવ પ્રસિદ્ધ કરાયો હતો. એ પછી નવેમ્બર-૨૦૨૪માં બપોરના ભોજન ઉપરાંત પૌષ્ટિક અલ્પાહાર આપવાની 'મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના' શરૂ કરાઈ હતી.જોકે આ યોજનામાં ચણાચાટ અને શ્રી અન્ન મિલેટ સુખડી આપવાનો નિર્ણય કરાયો હતો. આ પ્રમાણે છેલ્લા બે વર્ષથી બાળકોને ભોજન અને નાસ્તો અપાતો હતો. જોકે ફરી નાસ્તાના મેનૂમા ફેરફાર કરવા સાથે સપ્તાહમાં એક દિવસ અપાતી અલાયદી સુખડીને પણ હટાવી દેવાનો નિર્ણય થયો છે. જેમાં કારણ આપ્યું છે કે, ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ અંતર્ગત પ્રોટિન-એનર્જી રેશિયાને ધ્યાને લેતા તેલની માત્રા ઓછી કરવા બાબતે કમિટી દ્વારા ભલામણ કરાઈ હતી. આથી સુખડીને બંધ કરવામાં આવે છે.

### ગુજરાતમાં ઈંધણ અને ગેસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ

# સરકાર દ્વારા કોમર્શિયલ LPGના ક્વોટામાં કરાયો વધારો

## લોકો ખોટી અફવાઓને કારણે પેટ્રોલ પંપ પર લાંબી લાઈનો ન લગાવે તેવી વિનંતી કરવામાં આવી છે

અમદાવાદ,તા.૨૪

રાજ્યમાં છેલ્લા બે દિવસથી પેટ્રોલ, ડીઝલ અને ગેસની અછત હોવાની ફેલાઈ રહેલી અફવાઓ વચ્ચે ગુજરાત સરકારે સ્પષ્ટતા કરી છે.સરકારે જણાવ્યું છે કે રાજ્યમાં પેટ્રોલ-ડીઝલનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે અને વિતરણમાં કોઈ અવરોધ નથી. સાથોસાથ, હોટલ-રેસ્ટોરન્ટ અને ઉદ્યોગો માટે કોમર્શિયલ LPGના જથ્થામાં પણ વધારો કરવાનો મોટો નિર્ણય લેવામાં આવ્યો છે.કેન્દ્ર અને રાજ્ય સરકારની જાહેરાત અનુસાર, ગુજરાતમાં પેટ્રોલ અને ડીઝલનો પૂરતો સ્ટોક છે. ઈંધણના વિતરણ પર કોઈ પ્રતિબંધ કે રેશનિંગ નથી. લોકો ખોટી અફવાઓને કારણે પેટ્રોલ પંપ પર લાંબી લાઈનો ન લગાવે તેવી વિનંતી કરવામાં આવી છે. કિંમતોમાં પણ કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ઓઈલ માર્કેટિંગ કંપનીઓ સાથેની બેઠક બાદ સરકારે કોમર્શિયલ LPG સિલિન્ડરની ફાળવણીમાં ૧૦ ટકાથી વધારીને ૨૫ ટકા સુધીનો વધારો કર્યો છે. જે વિસ્તારોમાં હજુ PNG નેટવર્ક પહોંચ્યું નથી ત્યાં ફિશરીઝ ઈન્ડસ્ટ્રી, રેસ્ટોરન્ટ- ઢાબા, હોટલ ઈન્ડસ્ટ્રી, ફૂડ પ્રોસેસિંગ યુનિટમાં ૨૫ ટકા, ડેરી ઈન્ડસ્ટ્રી ૭૦ ટકા અને હોસ્પિટલ્સ અને શૈક્ષણિક સંસ્થાઓમાં ૧૦૦ ટકાની ફાળવણી નક્કી કરાઈ છે.

સરકારે શહેરી વિસ્તારોમાં પાઈપ્ડ નેચરલ ગેસ (PNG)ના જોડાણો વધારવા પર ભાર મૂક્યો છે. અમદાવાદમાં હાલ ૧૨૦૦થી વધુ કોમર્શિયલ અને ૩.૫૦ લાખથી વધુ ડોમેસ્ટિક PNG જોડાણો કાર્યરત છે. આગામી ૩ મહિનામાં વધુ ૯૦૦ સોસાયટીઓને PNG નેટવર્કમાં આવરી લેવાનું આયોજન છે. જે વિસ્તારોમાં PNG ઉપલબ્ધ છે, ત્યાં વપરાશકર્તાઓએ LPG કનેક્શન સરેન્ડર કરવા પડશે. નવા PNG જોડાણ માટે CGD કંપનીઓ કામગીરી પૂર્ણ કરશે.મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીની સીધી દેખરેખ હેઠળ આ સમગ્ર કામગીરી ચાલી રહી છે. કલેક્ટર અને જિલ્લા પુરવઠા અધિકારીઓને સૂચના અપાઈ છે કે કોઈ પણ સ્તરે સંગ્રહખોરી કે કાળાબજાર ન થાય.

# વિશ્વમાં ચાલતા બે યુદ્ધોથી ૫૫ વર્ષની સૌથી મોટી ઓઇલ કટોકટીનું સર્જન

નવી દિલ્હી,તા.૨૪

વિશ્વમાં ચાલતા બે યુદ્ધોએ છેલ્લા ૫૫ વર્ષનું સૌથી મોટી ઓઈલ કટોકટી સર્જન કર્યુ છે. આ યુદ્ધોના કારણે સ્થિતિ એવી થઈ ગઈ છે કે તેનો કોઈ ઉકેલ દેખાતો નથી. આંતરરાષ્ટ્રીય ઉર્જા એજન્સીના પ્રમુખ ફાતિહ બિરોલે આ વાત જણાવી હતી. પશ્ચિમ એશિયાનું સંકટ ૧૯૭૦ની બે ઓઈલ કટોકટી દરમિયાન ગેસ બજારો પર પડેલી અસરથી વધુ ગંભીર અસરો સર્જી રહ્યું છે.બિરોલે જણાવ્યું હતું કે મધ્યપૂર્વના ક્ષેત્રમાં નવ દેશોના ૪૦ ઉર્જા એકમો ગંભીર રીતે નુકસાન પામી ચૂક્યા છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે યુરોપ અને અમેરિકાની સરકારોની સાથે ઓઈલ ભંડાર પૂરો પાડવા પર વિચારવિમર્શ કરી રહ્યા છે. જો જરૂર પડી તો અમે નિશ્ચિત રીતે આ પગલું ઉઠાવીશું, પરંતુ પહેલા સ્થિતિનું વિશ્લેષણ કરીશું અને સભ્ય દેશો સાથે ચર્ચા કરીશું.બિરોલે જણાવ્યું હતુ કે હોર્મુઝની ખાડી બંધ થવાથી અને ઉર્જા સગવડો પર વૈશ્વિક હુમલાના કારણે વિશ્વનો ઓઈલ પુરવઠો લગભગ ૧.૧ કરોડ બેરલ રોજે ઘટી ગયું છે. આ કટોકટી ૧૯૭૦ના દાયકામાં આવેલી કટોકટી કરતાં પણ બમણી છે. તેમણે જણાવ્યું હતું કે એલએનજી સપ્લાય લગભગ ૧૪૦ અબજ ઘનમીટર સુધી ઘટી ચૂક્યો છે. જ્યારે રશિયાએ યુક્રેન પર આક્રમણ કર્યુ ત્યારે આ કમી ફક્ત ૭૫ બીસીએમ હતી.

મને આશા છે કે તેમાં બહુ ઝડપથી સમાધાન મળશે. તેમણે એ વાતને લઈને ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી કે આ સંકટને તો પહેલા યોગ્ય રીતે સમજવામાં જ આવ્યું ન હતું.

ગયા અઠવાડિયે પહેલી જ વખત સંગઠને જાહેરમાં આ સ્થિતિની ગંભીરતા જણાવી હતી. શુક્રવારે પેરિસ સ્થિત સંગઠને સરકાર દ્વારા ઉર્જા ખપતનો પ્રસ્તાવ મૂક્યો.

### રાહુલ ગાંધીએ સરકારની વ્યૂહનીતિ પર ઉઠાવ્યા સવાલ

# ભારતની વિદેશ નીતિ હવે PM મોદીની વ્યક્તિગત નીતિ બની ગઈ

## ભારતની વિદેશ નીતિ હવે વડાપ્રધાન મોદીની વ્યક્તિગત વિદેશ નીતિ બની ગઈ છે અને તેની આપણે અસર પણ જોઈ રહ્યા છીએ

નવી દિલ્હી,તા.૨૪

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે છેલ્લા ૨૫ દિવસથી ભયંકર યુદ્ધ ચાલી રહ્યું છે. હવે આ દેશો એકબીજાના ઊર્જા સ્થળો, ગેસ અને ઓઈલ પ્લાન્ટો પર હુમલાઓ કરી રહ્યા છે. આ કારણે ભારતમાં એલપીજી અને ગેસની અછત ઉભી થયાના અહેવાલો સામે આવી રહ્યા છે. આ સંકટની અસર ભારતમાં જોવા મળ્યા બાદ દેશમાં રાજકારણ શરૂ થઈ ગયું છે. આ સંકટ મુદ્દે કોંગ્રેસ નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી વડાપ્રધાનની વિદેશ નીતિની આકરા શબ્દોમાં ટીકા કરી છે. તેમણે કેન્દ્ર સરકારનીક વ્યૂહનીતિ પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે, ભારતની વિદેશ નીતિ હવે વડાપ્રધાન મોદીની વ્યક્તિગત વિદેશ નીતિ બની ગઈ છે અને તેની આપણે અસર પણ જોઈ રહ્યા છીએ. ભારતની વિદેશ નીતિ એક મજાક બની ગઈ છે. આખી દુનિયા તેને મજાક માની રહી છે. આ ઉપરાંત વડાપ્રધાન મોદી અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિયંત્રણમાં હોવાનો પણ રાહુલે આક્ષેપ કર્યો છે.

કોંગ્રેસ સાંસદે ચેતવણી સાથે કહ્યું કે, 'પીએમ મોદી સંપૂર્ણ ટ્રમ્પના નિયંત્રણમાં છે. ટ્રમ્પને સંપૂર્ણ ખબર છે કે, પીએમ મોદી શું કરવાના છે અને શું નથી કરવાના. જો વડાપ્રધાનની સ્થિતિ નબળી પડીતો દેશની વિદેશ નીતિ પણ નબળી પડી જશે.' વડાપ્રધાન મોદીએ સંસદમાં આપેલા ભાષણ મુદ્દે રાહુલે કહ્યું કે, 'અમેરિકા સાથે વેપાર સમજૂતી કરી દીધી, કાલે સંસદમાં અર્થહીન ભાષણ આપ્યું, જેમાં વડાપ્રધાન તરીકે કોઈપણ ચોક્કસ વલણ જોવા મળ્યું નથી.'

તેમણે એમ પણ કહ્યું કે, વડાપ્રધાનના આ ભાષણોના કારણે સામાન્ય નાગરિકોએ મુશ્કેલી સામનો કરવો પડશે, જેમ કે એલપીજી અને પેટ્રોલની વધતી કિંમતો. રાહુલ ગાંધીએ યાદ અપાવ્યું કે, વડાપ્રધાન મોદીએ વર્તમાન સ્થિતિને કોરોના સાથે જોડીને રજૂ કરી છે, જોકે તેમણે એ કહ્યું નથી કે, કોવિડ વખતે કેટલા લોકોના મોત થયા અને કેટલી સમસ્યાઓ થઈ.' આ ઉપરાંત તેમણે કહ્યું કે, કેરળમાં કાર્યક્રમ હોવાના કારણે તેઓ સર્વપક્ષીય બેઠકમાં આવી નહીં શકે. તેમણે આક્ષેપ કર્યો કે, બેઠકમાં માળખાગત ભૂલ થઈ છે, તેમાં સુધારો થઈ શકતો નથી. વડાપ્રધાન અમેરિકા અને ઈઝરાયલના નિર્દેશ મુજબ કામ કરે છે, તેઓ દેશ અને ખેડૂતોના હિતમાં નિર્ણય લેતા નથી. આવી સ્થિતિ દેશ અને નાગરિકો માટે ચિંતાનો વિષય છે.

### માર્કેટ ક્રેશ વચ્ચે શેરબજારમાં હરિયાળી

# સેન્સેક્સ ૧૩૭૨ જયારે નિફ્ટી ૩૯૯.૭૫ પોઈન્ટના વધારા સાથે બંધ

## આ ઉછાળામાં એશિયન પેઇન્ટ્સ, ઇન્ડિગો અને એલ એન્ડ ટી જેવા શેરનો સૌથી વધુ ફાળો છે

નવી દિલ્હી,તા.૨૪

શેરબજારમાં શાનદાર તેજી જોવા મળી છે. આ ઉછાળામાં એશિયન પેઈન્ટ્સ, ઈન્ડિગો અને એલ એન્ડ ટી જેવા શેરોએ સૌથી વધુ ફાળો આપ્યો હતો, જેના પરિણામે આજે રોકાણકારોને આશરે ૮ લાખ કરોડનો ફાયદો થયો હતો. ભારતીય શેરબજારમાં રોકાણકારો માટે સોમવારનો દિવસ ખૂબ જ દુ:ખદાયક સાબિત થયો. નિફ્ટી ૬૦૦ પોઈન્ટ ઘટીને ૨૨,૫૦૦ ની સપાટીથી ઉપર બંધ થયો, જ્યારે સેન્સેક્સ ૧,૮૦૦ પોઈન્ટથી વધુ ઘટીને ૭૩,૦૦૦ ની નજીક પહોંચ્યો. જોકે, ટ્રમ્પની જાહેરાત બાદ, શેરબજારમાં ઉછાળો આવ્યો અને મંગળવારે એક શાનદાર તેજી જોવા મળી.

બપોરે ૧:૨૯ વાગ્યે, સેન્સેક્સ ૧,૬૫૫.૯૭ પોઈન્ટ (અથવા ૨.૨૮%) વધીને ૭૪,૩૫૨.૩૬ પર બંધ થયો, જ્યારે નિફ્ટી ૫૧૦.૩૫ પોઈન્ટ (અથવા ૨.૨૭%) વધીને ૨૩,૦૨૩ પર પહોંચ્યો. લગભગ ૨,૯૩૨ શેર વધ્યા, ૯૪૫ ઘટ્યા અને ૧૩૧ યથાવત રહ્યા.

બજાર બંધ થતાં સુધીમાં સેન્સેક્સ ૧,૩૭૨ પોઈન્ટ (અથવા ૧.૮૯%) વધીને ૭૪,૦૬૮ પર બંધ થયો હતો, અને નિફ્ટી ૪૪૫ પોઈન્ટ (અથવા ૧.૯૮%) વધીને ૨૨,૯૫૭ પર બંધ થયો હતો. આ તેજીને કારણે, રોકાણકારોએ આજે આશરે ૮ લાખ કરોડનો ફાયદો મેળવ્યો હતો. BSE પર ટોચના ૩૦ શેરોમાં, ૨૭ માં જોરદાર ઉછાળો જોવા મળ્યો હતો, જ્યારે ફક્ત ૩ લાલ નિશાનમાં બંધ થયા હતા. સૌથી નોંધપાત્ર વધારો એટરનલ, L&T અને ઈન્ડિગોના શેરમાં નોંધાયો હતો.આજે શેરબજારમાં બધા ક્ષેત્રો લીલા નિશાનમાં બંધ થયા હતા. ઓટો, ફાઈનાન્શિયલ સર્વિસિસ અને મીડિયા ક્ષેત્રોમાં દરેકમાં ૩ ટકાનો વધારો જોવા મળ્યો હતો. IT, મેટલ અને ખાનગી ક્ષેત્રોમાં પણ સ્વસ્થ રિકવરી જોવા મળી હતી. જોકે, હેલ્થકેર અને ફાર્મા ક્ષેત્રોમાં અપેક્ષા મુજબ મજબૂત વધારો જોવા મળ્યો ન હતો.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર કોઈપણ સંભવિત હુમલાઓ માટે પાંચ દિવસના રોકની જાહેરાત કરી છે. આ દરમિયાન એક મીડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે મોજતબા ખામેનીએ યુનાઈટેડ સ્ટેટ્સ સાથે વાટાઘાટો કરવા સંમતિ આપી છે. જોકે ઈરાને હજુ સુધી આ વાતની સત્તાવાર પુષ્ટિ કરી નથી. પરિણામે, વિશ્વભરના શેરબજારોમાં ઉછાળો જોવા મળ્યો છે.ઈરાન સામેની દુશ્મનાવટ બંધ થયા પછી, સ્થાનિક બજારોએ એશિયન બજારોમાં જોવા મળેલા ઉપરના વલણને પ્રતિબિંબિત કર્યું, જેના કારણે ઉર્જા સંકટ વધુ ઘેરાવાના ભયને દૂર કરવામાં આવ્યો. વધુમાં, મંગળવારે શેરબજારમાં મજબૂત ખરીદી પ્રવૃત્તિ જોવા મળી.

એશિયન બજારોમાં વધારો

જોવા મળ્યો, જેમાં દક્ષિણ કોરિયાનો KOSPI, જાપાનનો નિક્કી ૨૨૫, શાંઘાઈનો SSE કમ્પોઝિટ અને હોંગકોંગનો હેંગ સેંગ બધાએ તેજીમાં ભાગ લીધો. સોમવારે યુએસ બજારો સકારાત્મક નોંધ પર બંધ થયા. વોલ સ્ટ્રીટ ફ્યુચર્સ પણ સતત વેપાર કરી રહ્યા હતા - તેમના અગાઉના નુકસાનને ઘટાડીને - સત્રની મજબૂત શરૂઆતનો સંકેત આપે છે.

બ્રેન્ટ ક્રૂડ ૪.૧૬ ટકા વધીને $૧૦૪.૧ પ્રતિ બેરલ પર ટ્રેડ થઈ રહ્યો છે - જે અગાઉ જોવા મળેલા $૧૧૦ ના સ્તર કરતાં નીચો છે. ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડાએ શેરબજારમાં ઉપરના વેગમાં ફાળો આપ્યો છે.

### વતનનું ઋણ ચુકવતો દડિયા પરિવાર

# બગસરામાં ગ્રામિણ વિસ્તારમાં મેડિકલ સાધનોની અનેરી

## મોટા માંડવડામાં સાધનોનું વિતરણ કરાયું



તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરા, તા. ૨૪

બાળ કેળવણી મંદિર બગસરાની ભગીની સંસ્થા, વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ બગસરા દ્વારા મોટા માંડવડા ગામે આઠમું મેડીકલ સાઘન સેવા સહાય સેન્ટરનો શુભારંભ કરવામાં આવેલ છે. બગસરા તાલુકાનાં જુના ઝાઝરીયા, જુની હળિયાદ હામાપુર, હડાળા સાપર, નાઝાપુર અને મોટા લીલીયા તાલુકાનાં ઈગોરાળા ગામે દડિયા પરિવારનાં સહયોગથી સરસ આરોગ્ય સેવા ચાલી રહી છે. બગસરાનાં વતની અને હાલ મુંબઈ નિવાસી કિશોરભાઈ હરીભાઈ દડીયા એક સાચા અર્થમાં સેવાના ભેખધારી છે કારણ કે, તેઓ અનેક દીન દુ:ખિયાનાં ચહેરા ઉપર સ્મિત લાવવા માટે સતત પ્રયત્નશીલ છે, તેમ દેવચંદ સાવલિયાએ જણાવેલ. કિશોરભાઈનાં સ્નેહી અને બગસરાનાં વતની અનીલભાઈ અને દિનેશભાઈ દડીયા અમેરિકાનાં આર્થિક સહયોગથી, કંચનબેન ખીમચંદભાઈ દડિયાનાં સ્મરણાર્થે , રામબાપુ રસોઈઘર મોટા માંડવડા ગામે, સમસ્ત ગ્રામજનોની ઉપસ્થિતિમાં એક નૂતન મેડીકલ સાઘન સહાય સેન્ટરનો શુભારંભ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ ખૂબજ લોકભોગ્ય બની રહયો છે, તેમ પ્રફુલ્લભાઈ સેજળિયાએ જણાવેલ. સમસ્ત ગામ જનોએ દડિયા પરિવારની સેવાને બીરદાવીને આભારની લાગણી પણ વ્યક્ત કરેલ, તેમ કમલેશભાઈ ટીબડિયા, કાળુંભાઈ કસવાળા અને પ્રવીણભાઈ પોકળની અખબાર યાદીમાં જણાવેલ છે.

### સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કક્ષાની કુસ્તીની સ્પર્ધામાં

# અમરેલી શ્રીમતી ડી.એચ. કાબરીયા મહિલા કોલેજની દ્રૃષ્ટિ ચૌહાણ અગ્રેસર

## ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી સ્પર્ધા માટે પસંદગી મેળવી

અમરેલી, તા. ૨૪

અમરેલી શ્રીમતી ડી.એચેચ કાબરીયા આર્ટસ મહિલા કોલેજની વિદ્યાર્થીની ચૌહાણ દ્રષ્ટિ પરેશભાઈએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કક્ષાએ કુસ્તીમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી



ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી સ્પર્ધા માટે પસંદગી મેળવી છે. તેમની આ સિદ્ધિ બદલ કોલેજ પરિવાર દ્વારા હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે તથા તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યકત કરવામાં આવી છે.

### લીલીયા : પુતળીયાનાં શિક્ષકની સોમનાથ સુધીની ૨૭૦ કિ.મી.ની સાયકલ યાત્રા પૂર્ણ



લીલીયા, તા. ૨૪

ભાવનગર સાયકલિંગ કલબ દ્વારા આયોજિત ભાવનગરથી સોમનાથ સુધીની ૨૭૦ કિમીની સાયકલ યાત્રા માત્ર ત્રણ દિવસમાં પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવેલ જેમાં અમરેલી હનુમંત સાયકલ રાઈડર્સના કો.ઓર્ડીનેટર અને પૂતળીયા (દાડમાં) ગામે શિક્ષક તરીકે ફરજ બજાવતા વિશાલભાઈ ગઢિયાએ આ ભાવનગરથી સોમનાથની સાયકલ યાત્રામાં જોડાઈ અને ૨૭૦ કી.મી. માત્ર ત્રણ દિવસમા પૂર્ણ કરવામાં આવેલ.આ અગાઉ પણ તેઓ દ્વારા હનુમંત રાઈડર્સ અમરેલી દ્વારા આયોજિત આવી અનેક સાયકલ યાત્રા પૂર્ણ કરવામાં આવેલ છે જે અમરેલી માટે ગૌરવની વાત કહેવાય. આ તકે તેના સાથી મિત્રો દ્વારા તેમને અભિનંદન પાઠવવામાં આવેલ હતા આ તકે વિશાલભાઈ દ્વારા અમરેલીના નવયુવાનો હનુમંત સાયકલ રાઈડર્સમાં જોડાવવા અનુરોધ કરવામાં આવેલ હતો તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### જિલ્લા સાહિત્ય સર્જક પરિવાર દ્વારા

# અમરેલી ખાતે ઉમંગભેર સાહિત્ય ગોષ્ઠિનુ સુંદર આયોજન સંપન્ન

## કાવ્યપાઠ, વાર્તાપઠન, ચર્ચા સંવાદની જમાવટ



અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવાર દ્વારા સંસ્થાના સ્થાપક પ્રમુખ ડો.પ્રતાપભાઈ પંડ્યાની પ્રિય પ્રવૃત્તિ એટલે કે સાહિત્ય ગોષ્ઠિ. સર્જક પરિવાર દ્વારા પ્રમુખ મનીષાબેન પંડ્યા પ્રેરિત અને ઉમેશભાઈ જોષીથી પ્રોત્સાહિત સાહિત્ય ગોષ્ઠિ તા. ૨૨ ને રવિવારના રોજ અમરેલી ખાતે કરવામાં આવી હતી.

બેઠકના પ્રારંભે પૂર્વભૂમિકામાં પરેશ મહેતાએ સહુને આવકારી અને હવે પછી દર માસે મળ નાર સાહિત્ય ગોષ્ઠિ હેતુ વિશે વાત કરી સહુને ગધ પધ સાહિત્યના તમામ સ્વરૂપનું પોતીકું સર્જન રજૂ કરવા નિમંત્રિત કર્યા હતા.

કેતન જોષીએ સંસ્થાકીય પ્રવૃતિઓ, તથા સાહિત્ય સ્પર્ધાઓ સમેત મનીષાબેન પંડ્યા અને ઉમેશભાઈ જોષીની શુભેચ્છા સંદેશની નોંધ લીધી હતી.

ગુજરાતમાં પ્રસિદ્ધ કવયિત્રી, વાર્તાકાર પારૂલ ખખ્ખરની વિશેષ ઉપસ્થિતિ અને વરિષ્ઠ કવિ દિલીપ વ્યાસની પ્રોત્સાહક હાજરી અને તેમના કાવ્યપાઠ સહિત સર્વ બાલકિશન જોગી, પ્રકાશ જોષી, ગોપાલ ધકાણ, મુકેશ જોગી, દિવ્યા સોજીત્રા, સલીમ શેખ, હસમુખ મહેતાએ કાવ્ય પાઠ કર્યો હતો. લેખિકા વર્ષાબેન જોશીએ સરસ મજાની બાલ વાર્તા કહી. બાલ સાહિત્યકાર ભારતીબેન બોરડએ સાંપ્રત સાહિત્ય સંદર્ભે પોતાના વિચાર રજૂ કર્યા હતા.

આ તકે સાહિત્ય ચર્ચા સંવાદના માહોલમાં પારૂલ ખખ્ખર, દિલીપ વ્યાસ, જીતુભાઈ જોટાસણા, પ્રકાશ જોષી, વર્ષાબેન જોશી, બાલકિશન જોગી, ગોપાલ ધકાણ સહિતનાએ હેતુલક્ષી સંવાદ કરેલ હતો. સાહિત્ય ગોષ્ઠિની આ બેઠક જાણે કે સર્વ સંચાલિત હતી.પોતીકા પરિવારની આ ગોષ્ઠિમાં સહુ ભાવપૂર્વક જોડાયા હતા. કેતન જોષી, પરેશ મહેતા એ સહુ કોઈને પોતાની વાત રજૂ કરવા ઉત્સાહિત કર્યા હતા. આ બેઠકમાં સર્જકો સહિત ભાવક સર્વ ગધ સાહિત્ય સભા અમરેલીના પ્રમુખ ભરત ઉપાધ્યાય, લોકસાહિત્ય સેતુના પ્રમુખ ઈતેષ મહેતા, જીતુભાઈ જોટાસણા, ચેતના બાજક, રશ્મિ પરમાર, સુભાષભાઈ વ્યાસ, મનીષ રામાણી, ક્રિષ્ના પંડ્યા, જગદીશ મહેતા, માલતીબેન પંડ્યા, નીતાબેન કોઠારી, વિમલ પટેલ સહિતના હાજર રહી સાહિત્યરસમાં તરબોળ થયા હતા.

### એકતા અને સામાજિક સમરસતાના સંદેશ સાથે

# અમરેલી મેમણ જમાત દ્વારા સમસ્ત મુસ્લિમ સમાજ 'ઈદ-એ-મિલન' અને 'સ્નેહ મિલન' યોજાયુ

## શિક્ષણ વધારવા, કુરીવાજોને દુર કરવા પર મંથન કરાયુ



અમરેલી, તા. ૨૪

અમરેલી મેમણ જમાતના સંયુકત ઉપક્રમે અમરેલી ખાતે 'ઈદ–એ–મિલન' અને 'સ્નેહ સંમેલન'નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજમાં પરસ્પર પ્રેમ, સદભાવના અને ભાઈચારાની ભાવના મજબૂત કરવાનો હતો.

વર્તમાન સમયમાં સામાજિક એકતા અને પરસ્પર સહયોગ અનિવાર્ય છે, ત્યારે અમરેલી મેમણ જમાત દ્વારા એક પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે. અમરેલીના સમસ્ત મુસ્લિમ સમાજને એક મંચ પર લાવવા અને ભાઈચારાની ભાવનાને વધુ સુદ્રઢ બનાવવા માટે 'સ્નેહ મિલન–૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું છે.

આ સ્નેહ મિલન માત્ર એક મિલન નથી, પરંતુ સમાજના વિકાસ માટેની એક વિચારગોષ્ઠી પણ છે. કાર્યક્રમ દરમિયાન શિક્ષણનું મહત્વ, યુવાનોમાં કેશલ્ય વર્ધન અને સામાજિક કુરિવાજોને દૂર કરવા જેવા વિષયો પર પણ મંથન કરવામાં આવ્યું. મેમણ જમાતના હોદ્દેદારોના જણાવ્યા અનુસાર, આ પ્રકારના આયોજનોથી નવી પેઢીને વડીલોના અનુભવનો લાભ મળે છે અને સમાજમાં એકબીજા પ્રત્યેની જવાબદારી વધે છે.

અમરેલી મેમણ જમાતના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે, ''આ અમારો નમ્ર પ્રયાસ છે કે અમરેલીના તમામ મુસ્લિમ બિરાદરો વચ્ચે પ્રેમ વધે અને આપણે સૌ એકબીજાના સુખ–દુ:ખમાં સહભાગી બનીએ. આ સ્નેહ મિલન કોઈ પણજાતના ભેદભાવ વગર સમગ્ર મુસ્લિમ સમાજની એકતાનું પ્રતીક બની રહેશે.''

### પાળીયાદમાં ખાચર પરિવારનાં આંગણે

# અમરેલીનાં શાસ્ત્રી ચંદ્રેશભાઈ જોષીની શ્રીમદ્ ભાગવત સપ્તાહ યોજાશે

## ૨૭ માર્ચથી ૨ એપ્રિલ સુધીનુ આયોજન

અમરેલી, તા. ૨૪



પાળીયાદના આંગણે ખાચર પરિવાર દવારા પિતૃ મોક્ષાર્થે તા. ૨૭/૩/૨૦૨૬ થી તા. ૨/૪/૨૦૨૬ સુધી શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ સપ્તાહનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

આ કથાના વ્યાસપીઠે સુપ્રસિધ્ધ કથાકાર શાસ્ત્રી ચંદ્રેશભાઈ કે. જોષી (ભાગવતાચાર્ય) અમરેલીવાળા બિરાજી તેમની મધુર સંગીતમય શૈલીમાં અમૃતવાણી કથા રસપાન કરાવશે. કથામાં આવતા પાવન પ્રસંગો જેવા કે, કપીલ જન્મ, નરસીંહ પ્રાગટય, વામનજન્મ, રામજન્મ, કૃષ્ણજન્મ(નંદ ઉત્સવ) ગોવર્ધન પુજા, રૂક્ષ્મણી વિવાહ, સુદામા ચરિત્ર ભવ્ય રીતે ધામધૂમપૂર્વક ઉજવવામાં આવશે.તો સર્વ ભાગવત પ્રેમી ભકતોને પરિવાર સાથે આ દિવ્ય કથાનું શ્રવણપાન કરવાનો લ્હાવો લેવા ખાચર પરિવાર ભાવભર્યુ આમંત્રણ પાઠવે છે.દરરોજ રાત્રે ભજન, કિર્તન, રાસોત્સવ પરિવાર મીલનની સુખદ પળો માણવા પધારશો.

### ટ્રમ્પનો યુટર્ન કે નવી ચાલ?

# હું અને નવા આયતુલ્લા સાથે મળીને હોર્મુઝ ચલાવીશું

નવી દિલ્હી,તા.૨૪

વૈશ્વિક રાજનીતિમાં પરિસ્થિતિ અત્યંત ઝડપથી બદલાઈ રહી છે. માત્ર ૪૦ કલાક પહેલા ઈરાનને નકશામાંથી મિટાવી દેવાની ધમકી આપનાર અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ હવે ઈરાન સાથે વાતચીત અને શાંતિની વાતો કરી રહ્યા છે. જોકે, ઈરાને આવી કોઈ પણ વાતચીતનો સ્પષ્ટ ઈક્કાર કર્યો છે. સોમવારે ઈરાન પરના હુમલામાં ૫ દિવસના વિરામ બાદ ટ્રમ્પે દાવો કર્યો છે કે અમેરિકા અને ઈરાન વચ્ચે ઘણા મોટા મુદ્દાઓ પર સહમતી બની છે.ફ્લોરિડામાં એરફોર્સ વન પર પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે જણાવ્યું કે, ઈરાન સાથેના સંભવિત કરારથી ક્રૂડ ઓઈલની કિંમતોમાં મોટો ઘટાડો થશે. જ્યારે ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે, તેઓ ઈરાનમાં કોની સાથે વાત કરી રહ્યા છે, ત્યારે તેમણે કોઈનું નામ આપ્યા વગર કહ્યું કે, તેઓ ઈરાનના એક સન્માનિત વ્યક્તિ સાથે સંપર્કમાં છે. ટ્રમ્પે વધુમાં ઉમેર્યું, "અમે ઈરાનના નેતૃત્વના પહેલા, બીજા અને ત્રીજા તબક્કાને લગભગ ખતમ કરી દીધા છે, પરંતુ હવે અમે એવા વ્યક્તિ સાથે વાત કરી રહ્યા છીએ. જેને હું સૌથી સન્માનિત અને નેતા માનું છું."ટ્રમ્પના જણાવ્યા અનુસાર, આ વાતોમાં ઈરાનના પરમાણુ કાર્યક્રમ અને તેના સમૃદ્ધ યુરેનિયમ ભંડારને ખતમ કરવા પર ચર્ચા થઈ છે. ટ્રમ્પે સ્પષ્ટ કર્યું કે, "અમે ઈચ્છીએ છીએ કે કોઈ યુરેનિયમ સંવર્ધન ન થાય, પરંતુ તેમની પાસે જે સંવર્ધિત યુરેનિયમ છે તે પણ અમે લેવા માંગીએ છીએ." જો આ પાંચ દિવસનો યુદ્ધવિરામ સફળ રહે છે, તો મિડિલ ઈસ્ટના આ લાંબા સંઘર્ષનો કાયમી ઉકેલ આવી શકે છે.

બીજી તરફ, ઈરાને અમેરિકાના આ તમામ દાવાઓને ફગાવી દીધા છે. ઈરાન તરફથી નિવેદન આવ્યું છે કે, ટ્રમ્પ તેલની કિંમતોને કાબૂમાં લેવા માટે જૂઠું બોલી રહ્યા છે અને ઈરાન કોઈ પણ સંજોગોમાં અમેરિકા સાથે વાતચીતના ટેબલ પર નથી. ટ્રમ્પે ભલે કહ્યું હોય કે હુમલા રોકવાની પહેલ ઈરાન તરફથી થઈ હતી, પરંતુ ઈરાન આ વાતને સ્વીકારવા તૈયાર નથી.બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, આ સમગ્ર સ્થિતિ પાછળ ભારત, ઓમાન, તુર્કિયે, સાઉદી અરેબિયા અને ઈજીપ્ત જેવા દેશોની ગુપ્ત કૂટનીતિએ મહત્વનો ભાગ ભજવ્યો છે. ભારતના અમેરિકા અને ઈરાન બંને સાથે સારા સંબંધો હોવાથી નવી દિલ્હીએ સંવાદના રસ્તા ખુલ્લા રાખવામાં સિક્યોરિટી વાલ્વ જેવી ભૂમિકા ભજવી છે, જેના કારણે આ ભયાનક યુદ્ધને ફેલાતું અટકાવવામાં મદદ મળી છે.

# ગોપાલગ્રામ ખાતે શુક્રવારે નિઃશુલ્ક નેત્ર યજ્ઞ અને ઓપરેશન કેમ્પ યોજાશે

ચલાલા, તા.૨૪

માનવસેવા એ જ પ્રભુસેવાને સાર્થક કરતા ઉમદા હેતુ સાથે ગોપાલગ્રામ અને આસપાસના ગ્રામજનો માટે આગામી શુક્રવારે એક ભવ્ય નેત્ર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રીમતી શારદા ઝાટકિયા હોસ્પિટલ અને શ્રીમતી વસંતબેન જયંતિલાલ ઝાટકિયા (સીંગાપોર) હોસ્પિટલ – ગોંડલના ઉપક્રમે તથા મુંબઈ સ્થિત મિલનભાઈ આર. ઝાટકિયા પરિવાર (મિલેનિયમ કું.) ના વિશેષ સહયોગથી આ વિનામૂલ્યે નેત્ર નિદાન તથા ઓપરેશન કેમ્પ યોજાશે.ગ્રામવિકાસ મંડળ ટ્રસ્ટ – ગોપાલગ્રામ દ્વારા સંચાલિત આ કેમ્પમાં જાણીતા આંખના સર્જન ડો. ભાવેશ સોલંકી (M.S.Ophth.), જેઓ ૧ લાખથી વધુ ઓપરેશનનો બહોળો અનુભવ ધરાવે છે, તેમના માર્ગદર્શન હેઠળ ડો. નૈમીષ મહાલિયા (M.S.Ophth.) અને તેમની નિષ્ણાત ટીમ દ્વારા સેવાઓ આપવામાં આવશે. આ કેમ્પમાં મોતિયાના ઓપરેશન અત્યાધુનિક ફેકો મશીન દ્વારા ટાંકા વગર કરવામાં આવશે. ખાસ નોંધનીય બાબત એ છે કે ઓપરેશન માટે પસંદ થયેલા દર્દીઓને કાળા ચશ્મા, દવા – ટીપાં તેમજ દર્દી અને તેમની સાથેના એક સગાને જમવાની સુવિધા સંસ્થા દ્વારા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે. એટલું જ નહીં, જરૂરિયાત મુજબ દર્દીઓને લઈ જવા અને મૂકવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.આ સેવાકીય કેમ્પ તા.૨૭/૦૩/૨૦૨૬, શુક્રવારના રોજ સવારે ૯:૩૦ થી ૧૧:૩૦ કલાક દરમિયાન ઓ.પી.ઝાટકિયા હાઈસ્કૂલ,ગોપાલગ્રામ ખાતે યોજાશે. કેમ્પના સુચારૂ આયોજન માટે શાળાના આચાર્યા ત્રિવેણીબેન ચૌહાણ અને ગ્રામવિકાસ મંડળના માનદ મંત્રી ચુનીભાઈ વાડોદરિયા જહેમત ઉઠાવી રહ્યા છે. વધુ માહિતી માટે સંપર્ક નંબર ૯૯૭૮૭ ૮૫૧૭૮ અથવા ૯૪૨૭૩ ૫૭૩૧૦ પર સંપર્ક કરવા જણાવાયું છે. પંથકના જરૂરિયાતમંદ દર્દીઓને આ અમૂલ્ય તકનો લાભ લેવા આયોજકો દ્વારા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

### સંતો, મહંતોની ઉપસ્થિતિમાં

# ચલાલામાં ''રામનવમી'' નિમિત્તે પ્રભુ શ્રી રામચંદ્રજીની શોભાયાત્રા યોજાશે

## શહેરીજનોમાં ઉત્સાહનો માહોલ ઉભો થયો

ચલાલા, તા. ૨૪

ચલાલાની પાવન ધરા પર આગામી ૨૬ માર્ચ, ૨૦૨૬ને ગુરૂવારના રોજ આસ્થા, ભકિત અને ઉમંગનો ત્રિવેણી સંગમ રચાવા જઈ રહ્યો છે. મર્યાદા પુરૂષોત્તમ ભગવાન રામના જન્મોત્સવ નિમિત્તે શહેરમાં એક અત્યંત પ્રભાવશાળી અને ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે, જે ચલાલાના ધાર્મિક ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે.

આ દિવ્ય મહોત્સવનો શુભારંભ પરમ પૂજય સંતો–મહંતોના પવિત્ર હસ્તે દીપ પ્રાગટ્ય વિધિ સાથે કરવામાં આવશે. સંતોના આશીર્વાદ અને વેદોક્મંત્રોચ્ચાર સાથે જયારે રઘુનંદનનો રથ પ્રસ્થાન કરશે, ત્યારે સમગ્ર વાતાવરણ ભક્મિય બની જશે. બપોરે ૩:૦૦ કલાકે ફૂલવાડી પ્લોટ સ્થિત ત્રિવેણી સંગમ માનવ મંદિર (શ્રી રાધાકૃષ્ણ મંદિર) ખાતેથી આ શોભાયાત્રા અત્યંત દબદબાભેર નીકળશે.



શોભાયાત્રાના નિર્ધારિત માર્ગ પર નજર કરીએ તો, પ્રભુની આ સવારી ફૂલવાડી પ્લોટથી પ્રારંભ થઈ મહાદેવપરા રામજી મંદિર, સાટોડી પરા અને ઝાળવાળી શેરીમાં પરિભ્રમણ કરશે. ત્યારબાદ, ચલાલાની આધ્યાત્મિક ધરોહર સમાન પૂજય દાન મહારાજની જગ્યાએ વંદન કરી, શોભાયાત્રા જગ્યા વાળી શેરી અને મેઈન રોડ પરથી પસાર થશે. ભીમનાથ મંદિર અને બસ સ્ટેન્ડ થઈને આ આસ્થાની સરવાણી પુનઃ ત્રિવેણી સંગમ માનવ મંદિર (રાધાકૃષ્ણ મંદિર) ખાતે ધર્મસભાના રૂપમાં વિરામ લેશે.

આ આયોજન માત્ર એક ઉત્સવ નથી, પરંતુ સમસ્ત ચલાલાના રામભકતોની અતૂટ શ્રદ્ધા અને સમર્પણનું પ્રતીક છે. શહેરના માર્ગો પર ધજા પતાકા અને બેનરો લાગવાથી માહોલ કેસરિયો બની ગયો છે. આ મંગલ અવસરે હૈયે હૈયું દળાય તેટલી મેદની ઉમટી પડવાની શક્યતા છે. આયોજક સમિતિ દ્વારા તમામ ધર્મપ્રેમી જનતાને આ શોભાયાત્રામાં જોડાઈને પ્રભુના આશીર્વાદ મેળવવા તેમજ તન–મન–ધનથી સહયોગ આપવા ભાવભર્યુ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ રામ જન્મોત્સવ શોભાયાત્રાને સફળ બનાવવા માટે પ્રવીણભાઈ ભગતના માર્ગદર્શન મુજબ રામ જન્મોત્સવ સેવા સમિતિના દરેક યુવાનો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

# ચલાલા : ગાયત્રી એજ્યુકેશન ગૃપની સ્કેટિંગ યાત્રા બાદ પોલીસ સ્ટેશનની શૈક્ષણિક મુલાકાત







ચલાલા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા સંચાલિત ગાયત્રી એજ્યુકેશન ગ્રુપ દ્વારા એક અનોખી અને શૈક્ષણિક પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ સ્કેટિંગ કરતા કરતા શિસ્તબદ્ધ રેલી યોજી હતી. આ રેલીમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની પ્રતિભા અને સંકલન શકિતનું સુંદર પ્રદર્શન કર્યુ હતું. આ યાત્રા ચલાલામાં સેપ્રથમ વાર હોવાથી શહેરીજનો માટે આકર્ષણનું કેન્દ્ર બની હતી. પ. પૂજય. સંત ડો. રતિદાદાના આશીર્વાદ અને ભારતભૂષણ મહેશભાઈ મહેતાના માર્ગદર્શનથી આ સમગ્ર રેલીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. આ રેલીમાં રક્ષા શકિત ગર્લ્સ સ્કુલની દીકરીઓ અને સંસ્કૃત શકિત ગુરૂકુળના બાળકો સ્કેટિંગ કરતા કરતા તેમજ હરિબા મહિલા કોલેજની દીકરીઓ સાઈકલ રેલી સાથે જોડાઈ હતી. આ યાત્રા ગાયત્રી મંદિર ધારી રોડથી શરૂ કરવામાં આવી હતી. ત્યારબાદ ચલાલાના મુખ્યમાર્ગો જેવા કે બસ સ્ટેશન, ભીમનાથ મહાદેવ મંદિર, તીનબત્તી ચોક થઈ ચલાલા પોલીસ સ્ટેશન પહોંચી હતી. જયાં પી.એસ.આઈ. ગઢવી, ભગીરથભાઈ સહીત સ્ટાફગણે બધાનું ફૂલહારથી સ્વાગત કર્યું હતું. વિદ્યાર્થીઓને કાયદો અને વ્યવસ્થા જાળવવાની પ્રક્રિયા, પેટ્રોલિંગ સિસ્ટમ, કન્ટ્રોલ રૂમનું કાર્ય. લોકઅપ વિશે સરળ અને રસપ્રદ રીતે સમજાવવામાં આવ્યું હતું. ઉપરાંત, પોલીસ સ્ટેશનમાં ઉપયોગમાં લેવાતા વિવિધ હથિયારો વિષે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. ગાયત્રી એજ્યુકેશન ગ્રુપ દ્વારા આવી પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓને પ્રાયોગિક જ્ઞાન અને વાસ્તવિક જીવનના અનુભવો આપવામાં સતત પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. સમગ્ર કાર્યક્રમને સફળ બનવવા શીતલબેન મહેતા, ગાયત્રી એજ્યુકેશન ગ્રુપના સ્ટાફગણે ભારે જહેમત ઉઠાવી હતી.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં ચક્કરગઢ રોડ ઉપર

યુવકની જ્ઞાતિ જાણીને યુવક જમણવારની લાઈનમાં ઉભા હતા ત્યારે આરોપી ત્યાં આવી યુવકને લાફા મારી ગાળો આપી કહેલ કે, અહીં કોણે જમવા માટે બોલાવેલ છે તેમ કહી યુવકને જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી અને ત્યાં ટોળુ ભેગુ થઈ અને ત્યારે બે અજાણ્યા આરોપી આવી આરોપીઓએ યુવકને ઢીકાપાટુનો માર મારી છરી બતાવી ''તને છરી ઘાલી દઈશ'' તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની યુવકે ત્રણ આરોપી સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાં આજે કેજરીવાલ અને

છે. આ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી એકલા હાથે પ્રથમવાર ચૂંટણી લડવા જઈ રહી છે. આમ આદમી પાર્ટી તમામ ૧૨૦૦૦ સીટો પર પોતાના ઉમેદવાર ઉતારશે.

સાથે સાથે આજે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ તથા પંજાબની આમ આદમી પાર્ટી સરકારના મુખ્યમંત્રી ભગવંત માન ગુજરાત પધારી રહ્યા છે. તેમની ગુજરાતમાં ત્રણ દિવસની વિઝીટ રહેશે. અમરેલી ખાતે એક ભવ્ય મોટી સભાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં અરવિંદ કેજરીવાલ તથા ભગવંત માન સહિત ગુજરાતનું પ્રદેશ નેતૃત્વ હાજર રહેશે. અમરેલીમાં આમ આદમી પાર્ટીનો આ એક પહેલો અને મોટો કાર્યક્રમ છે જેના કારણે આસપાસના વિસ્તારના લોકો પણ મોટી સંખ્યામાં હાજર રહેશે. આગામી ૨૫ માર્ચે અમરેલીના નવા માર્કેટિંગ યાર્ડ પાસે બપોરે ત્રણ વાગે ભવ્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સભા ગુજરાતની અંદર પરિવર્તનનો એક વિાસ અને સંદેશ લઈને આવશે. ગુજરાતને ભાજપની ગુલામી અને ભાજપના ભ્રષ્ટાચારમાંથી મુકત કરવાનું આંદોલન છે, એની શરૂઆત થઈ રહી છે. અમરેલીની આ સભામાં રાષ્ટ્રીય અને પ્રદેશના નેતાઓની સાથે સાથે આમ આદમી પાર્ટીના સ્થાનિક પદાધિકારીઓ અને અમરેલી જિલ્લાના તથા આસપાસના જિલ્લાના કાર્યકર્તાઓ પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. ગુજરાતના છેલ્લામાં છેલ્લા વ્યકિત સુધી આ સભાની વાત પહોંચે એવી અમારી આશા છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૩૦૦ | ૧૪૦૫ |
| ૨ | શિંગ મોટી | ૧૧૦૦ | ૧૫૨૫ |
| ૩ | શિંગદાણા | ૧૬૩૫ | ૧૮૪૫ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૬૦૦ | ૧૯૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૩૦૦ | ૨૦૪૦ |
| ૬ | તલ કાળા | ૨૦૦૦ | ૩૭૪૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૨૦૦ | ૧૯૪૦ |
| ૮ | બાજરો | ૨૪૦ | ૨૪૦ |
| ૯ | જુવાર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૩૫૦ | ૭૦૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૩૬૦ | ૫૪૫ |
| ૧૨ | મગ | ૧૧૪૦ | ૧૭૫૦ |
| ૧૩ | ચણા | ૮૫૦ | ૧૦૪૦ |
| ૧૪ | ચણા દેશી | ૯૦૦ | ૧૦૨૫ |
| ૧૫ | સફેદ ચણા | ૯૨૦ | ૧૧૦૦ |
| ૧૬ | છોલે ચણા | ૧૦૧૦ | ૧૬૦૫ |
| ૧૭ | તુવેર | ૭૬૦ | ૧૪૮૦ |
| ૧૮ | કપાસ | ૯૦૦ | ૧૭૦૦ |
| ૧૯ | એરંડા | ૧૦૦૦ | ૧૨૮૦ |
| ૨૦ | જીરૂ | ૨૦૦૦ | ૪૨૦૦ |
| ૨૧ | રાયડો | ૧૦૩૦ | ૧૧૨૦ |
| ૨૨ | રાય | ૧૧૦૦ | ૧૨૫૦ |
| ૨૩ | ધાણા | ૧૮૯૦ | ૨૨૭૦ |
| ૨૪ | ધાણી | ૧૮૮૦ | ૨૯૧૦ |
| ૨૫ | મેથી | ૮૦૦ | ૧૧૭૫ |
| ૨૬ | સોયાબીન | ૯૦૦ | ૧૦૪૫ |
| ૨૭ | મરચા લાંબા | ૧૨૦૦ | ૬૪૪૦ |
| ૨૮ | મરચા ઘોલર | ૧૨૬૦ | ૭૭૯૦ |

## પાના ૮ ઉપરનું ચાલું કેદીની અટકાયત કરાઈ

સૈયદ (કાદરી) નામનાં કેદીએ જેલમાં હાજર નહી થવા માટે મુદ્દત પુરી થવાની હોય, તે પહેલા આત્મહત્યા કરવાની કોશીષ કરેલ હોય, જેમાં બ્લેડથી પોતાના ડાબા હાથની નસ કાપેલ હોય અને અમરેલી સિવીલ હોસ્પિટલ ખાતે સારવારમાંથી ભાગવાની પેરવીમાં હોય, તેમની વોચ ગોઠવી કેદીને તા.૨૪ ના રોજ અમરેલી સિવીલ હોસ્પિટલ ખાતેથી ઝડપી લઈ પુછપરછ કરી આગળની ઘટતી કાર્યવાહી કરી રાજકોટ મધ્યસ્થ જેલને સોંપી આપવા તજવીજ કરેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું ૧.૪૩ લાખની છેતરપીંડી

પ્રવિણભાઈ ચાંપાનેરીએ વિશ્વાસમાં લઈ અને સોનાની બે ચેઈન બનાવી આપવા બાબતે ભાવિનભાઈએ આરોપીને ગુગલ પે ટ્રાન્સફરથી રૂપિયા ૫૦,૦૦૦ તથા બાકીનાં રૂપિયા ૮૩,૦૦૦ રોકડા એમ કુલ રૂપિયા ૧,૪૩,૦૦૦ની રકમ આપેલ હોવા છતા આરોપીએ સોનાની બે ચેઈન બનાવી ન આપી ભાવિનભાઈની રકમ હડપ કરી આરોપીએ તેમની સાથે છેતરપીંડી કરેલ અને આ બાબતે ભાવિનભાઈએ અવાર-નવાર આરોપી પાસે પોતાના સોનાની બે ચેઈન લેવા જતા આરોપીએ તેમને ગાળો આપી અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## અવસાન નોંધ

**અમરેલી** : સ્વ. શશીકાન્તભાઈ ચુનીલાલ રાજપરા (ઉંમર વર્ષ ૭૧) તે સોની નયનભાઈ શશીકાન્તભાઈ રાજપરા તથા સ્વ. મયંકભાઈ શશીકાન્તભાઈ રાજપરાના પિતાશ્રી તથા સોની સ્વ. અમૃતલાલ વલ્લભજીભાઈ વઢવાણાના જમાઈનું તા. ૨૩/૩/૨૬, સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.



સદ્ગતની પ્રાર્થના સભા તા. ૨૬/૩/૨૬, ગુરૂવારના રોજ સમય સાંજે ૪ થી ૬ કલાકે ક્રિષ્ના કેટરર્સ હોલ (બેન્કવેટ હોલ), કેરીયા રોડ, અમરેલી મુકામે રાખેલ છે. પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.

**અમરેલી** : અમરેલી નિવાસી શ્રીમાળી બ્રાહ્મણ ધર્મેશકુમાર હર્ષદરાય ત્રિવેદી (ઉ.વ. ૪૪) તે સ્વ. હર્ષદરાય અને જયવંતાબેનના પુત્ર તથા તેજલબેનના પતિ અને વ્રજના પિતા તથા ભાવેશભાઈ, ભરતભાઈ, પરેશભાઈ, મનીષભાઈના નાના ભાઈ, જિતેન્દ્રકુમાર ભાનુશંકર ભટ્ટના જમાઈ અને મનીષભાઈના બનેવી તા. ૨૩ને સોમવારના કૈલાસવાસી થયેલ છે. તેમની સાદડી/બેસણું તા. ૨૭ને શુક્રવારનાં સાંજે ૪ થી ૬ સુધી રોયલપાર્ક કોમન પ્લોટ, લાઠી રોડ, અમરેલી ખાતે રાખેલ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૦૦ | ૧૪૮૦ |
| ૨ | શીંગ મોટી | ૧૪૦૦ | ૧૫૧૦ |
| ૩ | તલ સફેદ | ૧૭૨૫ | ૨૦૬૦ |
| ૪ | તલ કાળા | ૩૫૦૦ | ૪૦૨૫ |
| ૫ | જીરૂ | ૩૭૫૧ | ૪૩૦૦ |
| ૬ | કપાસ | ૧૪૨૫ | ૧૫૭૬ |
| ૭ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૬૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૦૪ |
| ૯ | બાજરો | ૪૬૦ | ૬૦૦ |
| ૧૦ | જુવાર | ૯૦૦ | ૧૧૦૦ |
| ૧૧ | ચણા | ૧૦૦૦ | ૧૦૫૧ |
| ૧૨ | દેશી ચણા | ૧૦૫૦ | ૧૧૩૦ |
| ૧૩ | તુવેર | ૧૩૦૦ | ૧૫૦૦ |
| ૧૪ | એરંડી | ૧૨૦૦ | ૧૨૬૨ |
| ૧૫ | મેથી | ૧૦૦૦ | ૧૧૫૦ |
| ૧૬ | ધાણા | ૧૭૨૫ | ૨૩૧૧ |

## પાના ૮ ઉપરનું ચાલું લીલીયા મોટાનાં મેડિક્લ સ્ટોરમાં

પર આપતી જનક ચીજ વસ્તુઓ તેમજ નિયમનું ઉલ્લંઘન કરતા જણાશે તો લાઈસન્સ સસ્પેન્ડ કરવાની પણ કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવી કડક સૂચનાઓ પોલીસ દ્વારા આપવામાં આવી હતી લીલીયા પોલીસ દ્વારા કરવામાં આવેલી આ કાર્યવાહી યુવા ધનને નશાની લતથી બચાવવા માટેનું એક મહત્વનું પગલું છે અને નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે અમરેલી જિલ્લા પોલીસ વડાની સૂચના મુજબ હાલમાં સમગ્ર જિલ્લામાં નશાકારક પદાર્થો વિરૂધ્ધ ઝુંબેશ ચાલી રહી છે ત્યારે લીલીયા પોલીસનું આ પગલું અભિયાનનો એક ભાગ જ છે જેથી કરીને મેડિકલ સ્ટોર દ્વારા થતા ગેરકાયદેસર વેચાણ અટકાવી શકાશે તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું અપહરણ કરનાર આરોપીને ૨૦ વર્ષની સજા

તરૂણી સગીરવયની હોવાનું જણવા છતાં આરોપીએ લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી, ફોસલાવી, બદકામ કરવાના ઈરાદે તરૂણીનું અપહરણ કરી લઈ ગયાની જે તે સમયે અમરેલી તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

આ અંગેનો કેસ અમરેલીની સ્પે. પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની દલીલો અને રજુ કરાયેલ પુરાવાને કોર્ટે માન્ય રાખી આરોપી વિવેક ઉર્ફે વિર અમરતભાઈ ખત્રીને ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬ મુજબના ગુનામાં ૭ વર્ષની સખત કેદની સજા તથા રૂપિયા ૫,૦૦૦નો દંડ તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬, ૩૭૬ (૨)(જે), ૩૭૬ (૨)(એન), ૩૭૭ તથા તથા પોકસો એકટની કલમ-૪, ૬, ૮, ૧૦ તથા ૧૮ મુજબ ગુનામાં ૨૦ વર્ષની સખત કેદની સજા તથા રૂપિયા ૧૦,૦૦૦નો દંડની સજાનો હુકમ કર્યો હતો.

## પાના ૮ ઉપરનું ચાલું જનતા લાઈનમાં ઉભી રહે

પ્રીમિયમ પેટ્રોલ, કોમર્શિયલ ગેસનાં ભાવમાં વધારો થયો છતાં પણ સરકાર સબ સલામતનાં ગાણા ગાઈ રહી છે.

જનતા પેટ્રોલ-ડીઝલ માટે લાઈનમાં ઉભી રહી છે અને જનપ્રતિનિધિઓ હવાઈ મુસાફરી કરતાં જોવા મળે છે. કારનાં કાફલા સાથે મંત્રીઓ નીકળી રહ્યા છે. એકવાર મત મળી ગયા બાદ જનપ્રતિનિધિઓને જનતાની સંવેદના નજરે ચડતી નથી. છેલ્લા ૨ દિવસથી પેટ્રોલપંપ ઉપર લાઈન લાગી રહી છે. એકપણ જનપ્રતિનિધિ પેટ્રોલ પંપ આગળ જોવા મળતા નથી.

જો પેટ્રોલ-ડીઝલ અને ગેસની તંગી નથી તો પછી જનસેવકોએ જાહેરમાં આવીને જનતા સમક્ષ સમગ્ર ચિત્ર રજુ કરવું જોઈએ અને જનતાને આજે હિંમત અને હુંફની જરૂર હોય કોઈ નેતાઓ નજરે ચડતા નથી.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૬૫૦ |
| ૨ | ઘઉં લોકવન | ૩૫૦ | ૪૩૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૦૫ | ૪૪૬ |
| ૪ | ચણા | ૯૦૦ | ૧૦૦૫ |
| ૫ | ધાણા | ૧૩૦૦ | ૨૦૫૫ |
| ૬ | શીંગદાણા | ૧૪૩૫ | ૧૯૦૦ |
| ૭ | તુવેર | ૮૦૦ | ૧૫૦૦ |
| ૮ | મેથી | ૯૦૦ | ૧૧૫૦ |
| ૯ | મગફળી | ૯૯૫ | ૧૨૯૦ |
| ૧૦ | સોયાબીન | ૮૦૦ | ૮૦૦ |
| ૧૧ | જુવાર | ૭૪૦ | ૭૪૦ |
| ૧૨ | રાય | ૯૫૦ | ૧૪૨૦ |
| ૧૩ | મગ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૪ | ચણા છોલે | ૧૫૨૦ | ૧૫૨૦ |
| ૧૫ | ચણા સફેદ | ૭૦૦ | ૮૫૦ |
| ૧૬ | એરંડી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૭ | તલ સફેદ | ૧૮૯૦ | ૧૮૯૦ |
| ૧૮ | અડદ | ૧૦૪૫ | ૧૧૯૦ |

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં પેટ્રોલ-ડીઝલનો

અફવાઓથી ગેરમાર્ગે દોરવાવું નહીં અને ખોટી અફવાઓ ફેલાવવી નહીં. ઉપરાંત પેટ્રોલ અને ડીઝલની સંગ્રહખોરી કરનાર સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે. સાથે ઉમેર્યુ કે, એલ.પી.જી.ની કુલ ૨૬ એજન્સીમાં પણ ગેસનો પુરતો સ્ટોક ઉપલબ્ધ છે.

ઉલ્લેખનીય છે કે, શહેરી વિસ્તારમાં કુલ ૨૫ દિવસ બાદ રાંધણ ગેસ બોટલનું બુકિંગ થઈ શકશે જયારે આ મર્યાદા ગ્રામ્યમાં ૪૫ દિવસની રાખવામાં આવી છે. પાઈપ્ડ નેચરલ ગેસ કનેકશન (પી.એન.જી.) મેળવવા માટે લોકો સ્વંય જાગૃત્ત બને અને નોંધણી કરાવે તે માટે જિલ્લા પુરવઠા અધિકારીએ જાહેર જનતાને અનુરોધ કર્યો હતો.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીના બસ કંડકટરને

ટિકિટ મુસાફરોને આપી અને તેની રકમ પોતાના અંગત વપરાશમાં લઈ સરકારી રકમની ઉચાપત કરેલ કરેલ હતી. અને જે અંગે જે તે સમયે ફરીયાદ પક્ષે સદરહું હકિકત પુરવાર કરેલ હોય, ગુણદોષના આધારે કોર્ટે આપેલ આખરી ચુકાદો યોગ્ય અને ન્યાયી હોય તથા પુરાવાઓનું યોગ્ય મૂલ્યાંકન કર્યા બાદ જ જાહેર કરેલ હોય અને તેમાં કોઈ ફેરફાર થવાને પાત્ર ન હોય અને હાલ અપીલકર્તા દ્વારા પોતાના અપીલ મેમો તથા દલીલોમાં જે રજુઆતો કરેલ છે. તે ધ્યાને લેવા પાત્ર ન હોય અને હાલના વિવાદીની અપીલ રદ કરવા અમરેલીના એપીપી મમતાબેન ત્રિવેદીએ દલીલ કરતા, વિદ્વાન ટ્રાયલ કોર્ટે ક્રિ. કેસ નં. ૧૬૬૧/૨૦૦૩ના કામે ગઈ તા. ૩૦/૯/૨૩ના રોજ જે ચુકાદો જાહેર કરેલ છે. તેમાં રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું યથાયોગ્ય વિશ્લેષણ કરવામાં આવેલ છે. તે દલીલોને માન્ય રાખવા એપીપીની દલીલ ફોર્થ એડીશ્નલ સેશન્સ કોર્ટે માન્ય રાખી નીચેની ટ્રાયલ કોર્ટનાં હુકમને કાયમ રાખી વલકુભાઈ લખુભાઈ ધાધલને ઈપીકો કલમ-૪૦૯, ૪૬૫, ૪૬૭, ૪૭૧, ૪૭૭ (એ) ના ગુન્હામાં ૩ વર્ષની સાદી કેદ તથા રૂપિયા ૨૫ હજાર દંડની સજાનો હુકમ કરેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૨૦૦ | ૧૩૫૦ |
| ૨ | ઘઉં | ૩૫૦ | ૪૬૭ |
| ૩ | ચણા | ૯૫૫ | ૧૦૨૬ |
| ૪ | તુવેર | ૯૧૦ | ૧૪૬૧ |
| ૫ | ધાણા | ૧૫૦૧ | ૧૯૭૦ |
| ૬ | રાયડો | ૧૦૪૧ | ૧૧૦૦ |
| ૭ | લાલ તુવેર | ૧૧૮૧ | ૧૧૮૧ |
| ૮ | જીરૂ | ૩૯૦૦ | ૩૯૦૦ |
| ૯ | શીંગદાણા | ૧૫૦૦ | ૧૫૪૦ |
| ૧૦ | સોયાબીન | ૭૫૦ | ૯૭૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૬૫૦ | ૧૮૦૧ |
| ૩ | કપાસ | ૧૦૦૦ | ૧૫૮૦ |
| ૪ | બાજરો | ૨૯૦ | ૪૮૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૩૫૦ | ૫૩૩ |
| ૬ | જુવાર | ૫૩૦ | ૧૧૦૧ |
| ૭ | મગ | ૧૧૦૦ | ૨૨૦૦ |
| ૮ | મઠ | ૧૦૧૦ | ૧૦૧૦ |
| ૯ | તુવેર | ૯૦૦ | ૧૪૫૦ |
| ૧૦ | ચણા | ૮૫૦ | ૧૦૧૩ |
| ૧૧ | ધાણા | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ૧૨ | મેથી | ૧૦૦૧ | ૧૧૦૦ |
| ૧૩ | સોયાબીન | ૯૨૧ | ૧૦૨૬ |
| ૧૪ | રાય | ૧૦૫૦ | ૧૩૦૦ |

# બાબરાની આર્યવીર બોયઝ હોસ્ટેલનાં વિદ્યાર્થીઓનો દિવ–તુલસીશ્યામનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો






તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા ખાતે આવેલી આર્યવીર બોયઝ હોસ્ટેલનાં વિદ્યાર્થીઓ માટે સંસ્થા તરફથી શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓને દિવનાં ઐતિહાસિક અને પ્રવાસન સ્થળોની મુલાકાત લેવડાવવામાં આવી હતી. જેમાં દિવ કિલ્લો, ચર્ચ, નાગવા બીચ, કુખારી મેમોરિયલ તેમજ નાગેશ્વર મહાદેવ મંદિર સહિતનાં સ્થળોનો સમાવેશ થતો હતો. પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓને તુલસીશ્યામ ખાતે આવેલા ગરમ પાણીનાં ઝરા તથા ત્યાં આવેલા ગ્રેવિટીનાં નિયમને પડકારતો ઢાળ પણ બતાવવામાં આવ્યો હતો. ઉપરાંત ધારી નજીક આવેલ ખોડિયાર ડેમની પણ મુલાકાત લેવડાવવામાં આવી હતી, જેથી વિદ્યાર્થીઓને પ્રાકૃતિક અને ઐતિહાસિક સ્થળો અંગે જાણકારી મળી શકે. આ સમગ્ર શૈક્ષણિક પ્રવાસનું આયોજન અને જમવાની વ્યવસ્થા સંચાલક પરેશભાઈ ઝાપડિયા દ્વારા સંપૂર્ણ નિઃશુલ્ક કરવામાં આવી હતી. પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓએ દરિયા કિનારે ખૂબ આનંદ માણ્યો હતો અને આ પ્રવાસ તેમના માટે જ્ઞાન સાથે મોજમસ્તીનો યાદગાર અનુભવ બન્યો હતો.

### અમરેલી જિલ્લા પોલીસનાં માર્ગદર્શન હેઠળ

## બાબરાની પંચશીલ સ્કુલમાં નાર્કોટિક્સ ડ્રગ્સ અવેરનેસ કાર્યક્રમ યોજાયો

### વિદ્યાર્થીઓને વ્યસનમુક્ત જીવન માટે સંકલ્પ લેવડાવ્યો

બાબરા, તા. ૨૪

બાબરા ખાતે આવેલી પંચશીલ સ્કૂલમાં અમરેલી જિલ્લા પોલીસ દ્વારા નાર્કોટિકસ ડ્રગ્સ એવરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આજનાં સમયમાં વિદ્યાર્થીઓ તથા યુવાધનમાં વધતા જતા ડ્રગ્સનાં વ્યસનને ધ્યાનમાં રાખી એસઓજી પીઆઈ આર.ડી. ચૌધરીનાં માર્ગદર્શન અને સૂચના મુજબ આ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં શાળાનાં મેનેજિંગ ડિરેકટર પ્રકાશભાઈ ગોલેતર દ્વારા ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન એસઓજી અમરેલીનાં હેડ કોન્સ્ટેબલ જીગ્નેશભાઈ પોપટાણીએ વિદ્યાર્થીઓને ડ્રગ્સ અને નશાકારક પદાર્થોથી દૂર રહેવાની સલાહ આપી હતી તેમજ તેના કારણે થતા ગંભીર આરોગ્ય અને સામાજિક નુકસાન અંગે વિસ્તૃત માહિતી આપી હતી.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

તેમણે વિદ્યાર્થીઓને સંદેશ આપ્યો કે જો આસપાસ કયાંય નશાકારક પદાર્થોનું વેચાણ કે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ જોવા મળે તો તેની તાત્કાલિક જાણ પોલીસને કરવી જોઈએ. આ સાથે વિદ્યાર્થીઓને જીવનમાં કયારેય નશાકારક પદાર્થોનું વ્યસન ન કરવા માટે સંકલ્પ પણ લેવડાવવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં મનિષદાન ગઢવી (યુએચસી હેડ કોન્સ્ટેબલ અમરેલી), સ્વાગતભાઈ બારોટ (પોલીસ કોન્સ્ટેબલ એસઓજી), જીગ્નેશભાઈ પોપટાણી (હેડ કોન્સ્ટેબલ એસઓજી અમરેલી), જયભાઈ મકવાણા (પોલીસ કોન્સ્ટેબલ બાબરા) તથા શાળા સંચાલક પ્રકાશભાઈ ગોલેતર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાનાં શિક્ષક ચિરાગભાઈ પાટડિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## ચલાલા : દીપ્તીબેન રાવલના મુખે ઓખાહરણના શ્રવણથી શ્રદ્ધાળુઓ ભાવવિભોર બન્યા

ચલાલા, તા.૨૪

ધર્મ એ જીવનની સાચી ધરોહર છે અને સત્કર્મએ જ ઈશ્વરની સાચી સેવા છે. આ ઉક્તિને સાર્થક કરતો એક અલૌકિક ધર્મોત્સવ ચલાલાના પવિત્ર ધામ મહાદેવપરા ખાતે સંપન્ન થયો. અહીંના સન્યાસ આશ્રમ અને રામજી મંદિરના સાંનિધ્યમાં આયોજિત ત્રણ દિવસીય ‘ ઓખાહરણ પઠન દરમિયાન જાણે ભક્તિનો અવિરત પ્રવાહ વહ્યો હતો, જેમાં સમગ્ર મહાદેવપરા વિસ્તારની માતાઓ અને બહેનોએ ભાવવિભોર બની રસપાન કર્યુ હતું.

હિન્દુ સંસ્કૃતિના પવિત્ર ગ્રંથોમાં જેનું માહાત્મ્ય અનેરૂં છે, તેવા ‘ ઓખાહરણ’ના વાંચન અને શ્રવણનો આ દિવ્ય અવસર તારીખ ૨૧/૩/૨૦૨૬ શનિવારથી શરૂ થઈ સોમવાર સુધી ચાલ્યો હતો. સન્યાસ આશ્રમના પવિત્ર વાતાવરણમાં બપોરે ૪ થી ૬ ના શાંત સમયે, જયારે અનુભવી વક્તા દીપ્તીબેન રાવલે પોતાની મધુર અને રસાળ શૈલીમાં કથાનું અમૃત પીરસવાનું શરૂ કર્યુ, ત્યારે શ્રોતાઓ મંત્રમુગ્ધ બની ગયા હતા. દીપ્તીબેનના શબ્દોમાં રહેલી આધ્યાત્મિક ઊંડાઈએ ઉપસ્થિત દરેક માતાઓ, બહેનો અને દીકરીઓના હૃદયને સ્પર્શી લીધા હતા.



ભક્તિની આ સરવાણી માત્ર દિવસ પૂરતી સીમિત ન રહેતા, રાત્રિના સમયે પણ ગુંજતી રહી હતી. મહાદેવપરા સ્થિત રામજી મંદિર ખાતે રાત્રે ૮:૩૦ થી ૧૦:૩૦ દરમિયાન ઓખાહરણના પઠનનો વિશેષ લાભ ભાવિકોએ લીધો હતો. રાત્રિની નીરવ શાંતિમાં ગુંજતા ભક્તિમય સૂર અને મોટી સંખ્યામાં ઉમટી પડેલી મહિલાઓની ઉપસ્થિતિએ એક એવો માહોલ સર્જ્યો હતો કે જાણે સાક્ષાત પ્રભુની કૃપા વરસી રહી હોય.

પુણ્યકાર્યમાં સહભાગી થવાની આપણી નૈતિક ફરજ સમજીને, ચલાલાની જનતાએ આ આયોજનને માત્ર એક પ્રસંગ નહીં પણ એક ઉત્સવ બનાવી દીધો હતો. આ ત્રણ દિવસ દરમિયાન સમગ્ર મહાદેવપરા વિસ્તાર ભક્તિના રંગે રંગાયેલો જોવા મળ્યો હતો. સત્કર્મથી ભગવાન પણ રાજી થાય છે એ વિશ્વાસ સાથે સંપન્ન થયેલા આ ભગવદ કાર્યએ સૌના મનમાં એક અનોખી શાંતિ અને ધન્યતાની લાગણી જન્માવી છે.

### અધિક જિલ્લા મેજીસ્ટ્રેટએ જાહેરનામુ પ્રસિધ્ધ કર્યુ

## પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીનાં માલિકો પોલીસને જાણ કર્યા વગર ગાર્ડ અને ગનમેનને નોકરી ઉપર રાખી શકાશે નહીં

### જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ કાર્યવાહી કરાશે

અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લામાં કાયદો અને સુરક્ષા વ્યવસ્થાને ધ્યાને રાખીને પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીના માલિક કે મેનેજરો પોલીસને જાણ કર્યા વગર ગાર્ડ, ગનમેન અને સુપરવાઇઝરને નોકરી ઉપર રાખી શકાશે નહીં. આ માટે અમરેલી જિલ્લા અધિક મેજિસ્ટ્રેટએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા – ૨૦૨૩ની કલમ–૧૬૩ હેઠળ વિગતવાર જાહેરનામું પ્રસિદ્ધ કર્યુ છે.

જાહેરનામા મુજબ, હવે પછીથી કોઈ પણ પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીઓએ પોતાને ત્યાં ભરતી કરેલ સિક્યુરિટી ગાર્ડ, સિક્યુરિટી ગનમેન અને સુપરવાઈઝરના બાયોડેટા તૈયાર કરી તેમજ તેઓનું વેરીફીકેશન ફોર્મ વિગતવારનું ભરી તેની સાથે તેના વતનના પુરાવા તરીકે આધાર કાર્ડની ઝેરોક્ષ કોપી સામેલ રાખી તે પછી જ જે તે ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરનુ વેરીફીકેશન કરાવ્યા પછી જ તેઓને કોઈપણ કંપની, મોટા ઉદ્યોગો, ટોલટેક્ષ, સોસાયટીઓ, રહેણાક વિસ્તારો, હોટલ, બેંક, એ.ટી.એમ, રીસોર્ટ, ફરવાના સ્થળો, ધાર્મિક સ્થળો, મેળાઓ, શોપીંગ–મોલ, સ્કુલો, કોલેજો, સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ વિગેરે ઉપર સપ્લાય કરી શકશે અને જે તે કંપની, મોટા ઉદ્યોગો, ટોલટેક્ષ, સોસાયટીઓ, રહેણાક વિસ્તારો, હોટલ, બેંક, એ.ટી.એમ., રિસોર્ટ, ફરવાના સ્થળો, ધાર્મિક સ્થળો, મેળાઓ, શોપીંગ–મોલ, સ્કુલો, કોલેજો, સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ વિગેરેએ પણ ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરને પોતાને ત્યાં નોકરી ઉપર રાખતા પહેલા તેઓનું વેરીફીકેશન થયેલું હોય તેને જ નોકરી ઉપર રાખવાના રહેશે.

જો કોઈપણ સંસ્થા તરફથી વેરીફીકેશન થયા વગરના ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરને પોતાને ત્યાં નોકરી ઉપર રાખવામાં આવશે તો તેઓની સામે અને સપ્લાય કરનાર પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીના માલીક સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે. જેથી પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીના માલીકોએ તથા જે તે સંસ્થાના માલિક–મેનેજરોએ સુરક્ષાની દ્રષ્ટિએ આ બાબતે પોલીસને જાણ કર્યા વગર ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરને નોકરી ઉપર રાખી શકશે નહી.ઉપરાંત સરકારી તેમજ ખાનગીસંસ્થાઓ વગેરેના માલિકો–મેનેજરોએ તથા પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીના માલિકોએ પોતાને ત્યાં ફરજ પર રાખેલા ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરની વિગતવારની માહિતી તેમજ ચારિત્ર્ય પ્રમાણપત્ર જયારે પણ કોઈ પણ પોલીસ અધિકારી ચેક કરવા આવે ત્યારે તેઓને તે બતાવવાનું રહેશે અને આ અંગે પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સી લાયસન્સ અધિનિયમ મુજબ રાખવાના રજિસ્ટરો નિભાવવાના રહેશે.

પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીઓ સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ વગેરે સ્થળોએ સિક્યુરિટી–સલામતી સાચવવાના હેતુસર ઓન પેમેન્ટ સિક્યુરીટી જવાનો ફાળવવામાં આવે છે અને આ જવાનો સિક્યુરીટી–સલામતીની ફરજો અદા કરતી વેળા તેનો ગેરલાભ લઈ લુંટ, ધાડ, ચોરી અને બીજા ગંભીર શરીર સબંધિત ગુનાઓ, કોગ્નીઝેબલ ગુનાઓ તેમજ રાષ્ટ્ર–વિરૂધ્ધના ગુનાઓ પણ આચરી ભાગી જતા હોય છે. જેથી આ પ્રવૃતિ ગુનાહિત કૃત્યો અટકાવવા અતિ આવશ્યક હોય, પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીએ જે સ્થળોએ સિક્યુરિટી જવાનની ફાળવણી કરે છે. તે તમામ જવાનોની સંપુર્ણ બાયોડેટા ફોટા સહિતની જે તે પોલીસ સ્ટેશન અને અમરેલી જિલ્લા સ્પેશ્યલ ઓપરેશન ગૃપ (એસ.ઓ.જી.) રાજ મહેલ કેમ્પસ, ‘ એ’ –૧૦૪, બહુમાળી ભવન, જી.અમરેલી. કચેરીએ નિયત નમૂનાના ફોર્મમાં જાણ કરવી. આ જાહેરનામું તા.૧૪/૫/૨૦૨૬ સુધી અમલી રહેશે.


### જાહેર નોટિસ

મોજે :– માયાપાદર, તા. કુંકાવાવ–વડિયા, જિ. અમરેલી

અમો **યોગેશભાઈ ડી.દવે,** (એડવોકેટ એન્ડ નોટરી) આથી આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

| ગામનું નામ | ખાતા નં. | રેવન્યુ સર્વે નં. | હે.આરે. ચો.મી. | આકાર રૂા. | ખાતેદારનું નામ |
|---|---|---|---|---|---|
| માયાપાદર, તા. કુંકાવાવ–વડિયા જિ. અમરેલી | ૧૪ | ૧૩૯ | ૦–૯૦–૦૪ | ૨.૬૯ | માણસુરભાઈ કાળાભાઈ સોલંકી |

ઉપરોકત કોલમ વાળી ખેતીની જમીન અમારા સ્વતંત્ર નામે અને સ્વતંત્ર કબ્જામાં આવેલ છે આ ખેતીની જમીન તેમની સંપૂર્ણ માલિકીની, બિનબોજાની, બિન તકરારી તથા ન દાવા વાળી હોવાનું જણાવી અમારા **અસીલશ્રી વિલાસબેન ગૌતમભાઈ ભાલીયા, રહે. રાજકોટ** એ ખરીદ કરવાનું નકિક કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ–નીપજ/ખેતી/ગણોત, લીઝ લાયસન્સ/કબ્જો ભોગવટો/બાનાખત કે રહેણાંકના કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હકક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ વાંધો–તકરારની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૧૦ (દસ)માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈ જ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગ–ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (WAIVE) કરેલ છે. તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તારીખ : ૨૫/૦૩/૨૦૨૬, બુધવાર**
**સ્થળ : કુંકાવાવ મોટી**

તે અમારા અસીલની સુચનાથી

**રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર,મુ. કુંકાવાવ મોટી, તા. વડીયા, જિ. અમરેલી. મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

**યોગેશ ડી.દવે**
(એડવોકેટ એન્ડ નોટરી)


## અમરેલીના સીનિયર સિટીઝન પાર્ક ખાતે રામનવમીને લઈને મહાઆરતી યોજાઈ



અમરેલી, તા.૨૪

વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી નગર ટીમ દ્વારા આગમી ૨૬ માર્ચ ૨૦૨૬ના રોજ રામ નવમી નિમિતે શોભાયાત્રાનાં આયોજનને ધ્યાનમાં રાખીને સિનિયર સિટીઝન પાર્ક ખાતે (૨૩/૩/૨૬) કાર્યાલયે મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ હતું. આ આરતીમાં કાઠી ક્ષત્રિય સમાજ, અમરેલી જિલ્લા ખોડલધામ સમિતિ, રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ અમરેલી, પત્રકાર એકતા પરિષદ મીડિયા સેલ અમરેલી, યુવા શકિત ગ્રૃપ, શકિત ગૃપ, રઘુવીર ગૃપ, ફોટો ગ્રાફિ એસો, આપણું અમરેલી, આદિત્ય ગૃપ, મોબાઈલ એસો. અને સમાજનાં આગેવાનો, વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી જિલ્લાના પ્રમુખ વિજયભાઈ દેસાઈ, મંત્રી ઈતેશભાઈ મહેતા અને હિન્દુ ભાઈઓ અને બહેનો દ્વારા આરતીમાં ભાગ લેવામાં આવ્યો હતો. આ આરતીમાં વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી નગર ટીમ, બજરંગ દળ ટીમ, ગૌ રક્ષા ટીમ, ગૌ સેવા ટીમ દ્વારા આરતીનું આયોજન કરવામાં ખુબ જહેમત કરી હતી. તેમ વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી નગરના પ્રમુખ ભાવેશભાઈ કાબરીયા તેમજ મંત્રી પંકજભાઈ કાનાણીની યાદી જણાવે છે.

### દરેક મતદાર તેનુ નામ ચકાસી શકે તે માટે

## અમરેલી જિલ્લા, તાલુકા પંચાયતો અને પાલિકાની ચુંટણી માટે મતદાર યાદી પ્રસિધ્ધ


### ગ્રામ, તાલુકા પંચાયત, મામલતદાર અને પાલિકા કચેરીમાં જોવા મળશે

અમરેલી, તા. ૨૪

આગામી સમયમાં જિલ્લામાં અમરેલી, વડિયા–કુંકાવાવ, લાઠી, બાબરા, ધારી, બગસરા, ખાંભા, સાવરકુંડલા, લીલીયા, રાજુલા અને જાફરાબાદ તાલુકામાં તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયતની તથા અમરેલી, સાવરકુંડલા, બાબરા, બગસરા, દામનગર અને ધારી એમ કુલ – ૬ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર છે.

આ ચૂંટણીઓ માટેની મતદારયાદીમાં દરેક મતદાર તેનું નામ ચકાસી શકે તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તા.૨૩/૩/૨૦૨૬ના રોજ મતદારયાદીની પ્રાથમિક પ્રસિધ્ધિ કરવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારોના મતદારોની મતદારયાદી ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, મામલતદાર કચેરી ખાતે અને શહેરી વિસ્તારોના મતદારોની મતદારયાદી સબંધિત નગરપાલિકા કચેરી, મામલતદાર કચેરી અને નગરપાલિકાના વોર્ડોના જાહેર સ્થળોએ જોવા મળશે, તેમ જિલ્લા ચૂંટણી તંત્રની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# વલારડીનાં દિવ્યધામમાં શિવકથાનાં પાવન પ્રસંગે મા ગંગાની મહાઆરતી યોજાઈ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા તાલુકાનાં વલારડી મુકામે આવેલ દિવ્યધામ ખાતે ચાલી રહેલી પવિત્ર શિવકથાનાં પાવન પ્રસંગે માતા ગંગાની ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. કથા વિરામ બાદ સાંજનાં સમયે શિવકથા મંડપનાં સન્મુખ ગંગાજીનાં પવિત્ર જળથી ભરેલ કુંભ સ્થાપિત કરવામાં આવ્યો હતો, જેના દર્શન અને આરતીનો લાભ લેવા મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડયા હતા. આ પ્રસંગે હરિદ્વારથી પધારેલા ભૂદેવો દ્વારા પરંપરાગત રીતિ–રિવાજ મુજબ માતા ગંગાની આરતી ઉતારવામાં આવી હતી. ગંગા સ્તુતિના ગાન અને દિવ્ય વાતાવરણ વચ્ચે યોજાયેલી આ મહાઆરતી દરમિયાન સમગ્રસ્થળ ભક્તિમય બની ગયું હતું. દિવ્યધામમાં યોજાયેલી આ ગંગા મહાઆરતીમાં હાજર રહેલા ભાવિકોને હરિદ્વારમાં થતી પ્રખ્યાત ગંગા આરતીનો જીવંત અનુભવ થયો હતો. દિવ્ય પ્રકાશ, મંત્રોચ્ચાર અને ગંગા માઈની આરતીના દર્શનથી સમગ્ર વાતાવરણ ભક્તિ અને આધ્યાત્મિક ઉર્જાથી ગુંજી ઉઠયું હતું. આ પાવન પ્રસંગે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ હાજરી આપી માતા ગંગાના આશીર્વાદ મેળવ્યા હતા.

NETRA CHIKITSA
MULTI SPECIALITY HOSPITAL
આંખના પડદાના નિષ્ણાત સર્જન હવે... આપના અમરેલી માં
ડૉ. આશિષ ખોડીફાડ
(DO, DNB, FVRS)
ભાવનગરના આંખના પડદાના નિષ્ણાંત સર્જન હવે દર મહિનાના ચોથા બુધવારે અમરેલીમાં મળશે
તારીખ : ૨૫/૦૩/૨૬ બુધવાર
સમય : સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦
કેવા દર્દીઓએ આંખના પડદાની તપાસ કરાવવી જોઈએ?
■ આંખ સામે કાળા મચ્છર ફરતા હોય એવું લાગવું
■ આંખમાં વિજળીના ચમકારા થવા
■ દ્રષ્ટિ એક બાજુથી કપાવી
■ અચાનક દ્રષ્ટિ ઘટી જવી.
■ ચશ્માના નંબર વધારે હોવા
■ આંખની સામે કાળુ ધાબુ દેખાવુ
■ વાંકુ-ચૂકું દેખાવું
■ ડાયાબિટિસ અથવા બ્લડ પ્રેશર હોવુ
■ આંખની કોઈપણ પ્રકારની ઈજા થવી
■ આંખ વારંવાર લાલ થવી / વારંવાર સોજો આવી જવો
■ જન્મ સમયે બાળકનું વજન ઓછું હોવું / બાળકનો જન્મ અધુરા માસે હોવો
વધુ માહિતી માટે સંપર્ક કરો
99789 66629
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦

## દિનપ્રતિદિન લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકો દયનીય હાલતમાં આવી રહ્યા છે

# જનતા લાઈનમાં ઉભી રહે અને જનસેવકો પ્લેનમાં ફરે

**છેલ્લા ૨૪ દિવસથી જનતા ગેસ અને પેટ્રોલ-ડીઝલને લઈને સતત ચિંતામાં**

**સરકાર એક તરફ કહે કે ગેસ-પેટ્રોલની તંગી નથી અને અવનવા નિયમો બનાવી રહી છે**

**દેશવાસીઓને સાચી હકીકતો આંકડા અને આધાર સાથે આપવામાં આવે તો ફફડાટ ઓછો થાય**

**સરકારનાં પદાધિકારીઓ અને અધિકારીઓનાં આશ્વાસન બાદ પણ જનતામાં ફફડાટ ઓછો થતો નથી**



અમરેલી, તા. ૨૪

અમેરિકા-ઈઝરાઈલ અને ઈરાન વચ્ચે છેલ્લા ૨૪ દિવસથી ચાલતા યુધ્ધથી અમરેલી જિલ્લાની શરૂઆતમાં ગેસને લઈને હવે, ૨ દિવસથી પેટ્રોલ-ડીઝલની લાઈનમાં લાગી છે. સરકારનાં પદાધિકારીઓ અને અધિકારીઓ આશ્વાસન આપી રહ્યા છે કે ગેસ, પેટ્રોલ-ડીઝલની કોઈ તંગી નથી છતાં પણ જનતા લાઈનમાં લાગે એ સાબિત કરે છે કે જનતાને સરકારનાં આશ્વાસન ઉપર ભરોસો રહ્યો નથી.

જનતા એ લોકશાહી શાસન વ્યવસ્થામાં સર્વોપરી હોય છે અને પદાધિકારીઓ અને અધિકારીઓ જનસેવક હોય છે. પરંતુ, જયારે, જયારે કોઈ મુસીબત આવે એટલે જનતા બિચારી બની જાય છે અને જનસેવકોને કોઈ ફર્ક પડતો નથી.

છેલ્લા ૨૪ દિવસથી ખાડી દેશમાં ચાલતા યુધ્ધથી સમગ્ર દેશમાં ફફડાટ ફેલાયો છે. શેરબજારમાં લાખો કરોડો રૂપિયાનું ધોવાણ થઈ ગયું તો

અનુસંધાન પાના ૬ ઉપર

### રાજકોટ જેલમાંથી પેરોલ ફર્લો રજા પર છુટયા બાદ

## અમરેલીની સિવિલ હોસ્પિટલમાં આત્મહત્યાની કોશિષ કરનાર કેદીની અટકાયત કરાઈ

**રજા પુર્ણ થવાની હોય જેલમાં જવુ ન હોય આત્મહત્યાનો પ્રયાસ કરેલ**

અમરેલી, તા. ૨૪

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.ના માર્ગદર્શન હેઠળ પેરોલ ફર્લો સ્કવોર્ડ ટીમ જિલ્લાના પેરોલ જમ્પ કેદીને પકડવા સતત પ્રયત્નીશીલ હોય ત્યારે અમરેલીના ખત્રીવાડ જુમા મસ્જિદ સામે રહેતાં અને હાલ રાજકોટ મધ્યસ્થ જેલમાં પાકા કામના કેદી તરીકે સજા ભોગવતા ઈમરાન ઉર્ફે ઈમુ (કિશન ચંદુભાઈ સોલંકી) અનીફભાઈ



સૈયદ(કાદરી) કેદીને પોલીસ મહાનિદેશક જેલ અને સુધારાત્મક વહીવટની કચેરી, જેલ ભવન અમદાવાદના હુકમ આધારે ફર્લો રજા પર છૂટેલ હતો. અને આ કેદીની રજા પુર્ણ કરી સમયસર જેલ ખાતે હાજર થયેલ નહી.

ઈમરાન ઉર્ફે ઈમુ (કિશન ચંદુભાઈ સોલંકી) અનીફભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

## અમરેલીનાં ચક્કરગઢ રોડ ઉપર યુવકને છરી બતાવતા ફરિયાદ

અમરેલી, તા. ૨૪

રાજુલાનાં વતની અને હાલ અમરેલીનાં ચક્કરગઢ રોડ ઉપર આવેલ શુભ લક્ષ્મીનગરમાં રહેતા ચિરાગ દીપકભાઈ બાબરીયા નામનાં ૨૩ વર્ષીય યુવક ગત તા. ૨૨નાં રોજ રાત્રે ૯:૩૦ વાગ્યે અમરેલી, ચક્કરગઢ રોડ, અમૃત નગર શેરી નં.૩ ખાતે વિશ્વ હિન્દુ સંમેલનનાં જમણવારનાં આયોજનમાં જમવા માટે ગયેલ હતા અને યુવક તેમનું મોટરસાયકલ પાર્ક કરવા જતા હતા ત્યારે શિવકુ નામનો આરોપી એકટીવા લઈને નીકળેલ અને યુવકને કહેલ કે, ''ગાડી આમ લે, તારે કંઈ કહેવું છે. કાંઈ બોલવાની ગણતરી છે.'' તેમ કહી

અનુસંધાન પાના ૬ ઉપર

### નશાકારક દવાનુ વેચાણ થાય કે કેમ ?

## લીલીયા મોટાનાં મેડિકલ સ્ટોરમાં સ્થાનિક પોલીસ ટીમ દ્વારા ચકાસણી કરવામાં આવી

**મેડિકલ સ્ટોરમાં સંચાલકોને નિયમોનું પાલન કરવા જણાવાયુ**



અમરેલી, તા. ૨૪

અમરેલી એસ.પી સંજય ખરાત તેમજ વિભાગીય ડી.વાય.એસ.પી ચિરાગ દેસાઈની સૂચના અને લીલીયા પોલીસ સ્ટેશનના પી.આઈ એમ. ડી. સાળુંકેના માર્ગદર્શન તળે લીલીયાના મેડિકલ સ્ટોર ચેક કરવામાં આવ્યા જેમાં કોઈપણ પ્રકારની નશાકારક દવા કફ સીરપ તેમજ નિયંત્રિત દવાઓનું વેચાણ માન્ય ડોક્ટરની ચિટ્ઠી વગર થતું નથી તેમજ વેચાણ કરતી વખતે ડોક્ટરની ચિટ્ઠીની નકલ તથા રજીસ્ટર એન્ટ્રી જાળવવા ખાસ સુચના અપાય તેમજ કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ જણાય તો તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશનને જાણ કરવા પોલીસ દ્વારા મેડિકલસ્ટોર માલિકોને અનુરોધ કરાયો અને મેડિકલનું લાયસન્સ ધરાવનાર વ્યકિતએ જ મેડિકલ સ્ટોર પર હાજર રહીને કામગીરી કરવાની રહેશે તેવી પણ સૂચના પોલીસ દ્વારા આપવામાં આવી અન્યથા જો કોઈ પણ મેડિકલ સ્ટોર

અનુસંધાન પાના ૬ ઉપર

### અફવાથી દૂર રહેવા નાગરિકોને અપીલ

## અમરેલી જિલ્લામાં પેટ્રોલ-ડીઝલનો પુરતો જથ્થો ઉપલબ્ધ : પુરવઠા વિભાગ

**પેટ્રોલ ડીઝલની સંગ્રહખોરી કરનાર વિરૂધ્ધ કરાશે કાર્યવાહી**

અમરેલી, તા. ૨૪

રાજયના અમુક શહેરોમાં પેટ્રોલ અને ડીઝલની અછત હોવાની ફેલાયેલી અફવાઓ વચ્ચે આજરોજ જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા પુરવઠા અધિકારીએ સ્પષ્ટતા કરી હતી.

જિલ્લા પુરવઠા અધિકારી કુંભાણીએ જણાવ્યું કે, અમરેલી જિલ્લામાં તમામ ૧૫૦ પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ અને ડીઝલનો પુરતો જથ્થો ઉપલબ્ધ છે. નાગરિકોએ ખોટી

અનુસંધાન પાના ૬ ઉપર

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

આયુર ગ્લો
હાઈડ્રા ફેશિયલ
સાથે મેળવો
FREE
સ્કિન એનાલિસિસ
માત્ર પહેલા 25 ગ્રાહકો માટે
એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો:
+91 91060 20550
દુકાન નં. 1-2, ગ્રાઉન્ડ ફ્લોર, હોટેલ અમરેલી ઈન, સ્ટેશન રોડ, માણેકપરા, અમરેલી

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,27,400/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૨૪/૦૩/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ
જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ
જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

"NAARI WELCOMES NEW TEAM MEMBER"
naari HOSPITAL
ડો. વિજય એચ.નાકરાણી
એમ.બી., ડી.જી.ઓ.
સ્ત્રી રોગ તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
: અભ્યાસ :
MBBS : જી.એમ.ઈ.આર.એસ.મેડીકલ કોલેજ, વલસાડ
D.G.O. : સરકારી હોસ્પિટલ, ધોરાજી, રાજકોટ
:: અનુભવ ::
■ ૨ વર્ષ સિવિલ હોસ્પિટલ - ધોરાજી ■ ૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - અમરેલી
■ ૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - સાવરકુંડલા ■ ૨ વર્ષ હાલ નારી હોસ્પિટલ - અમરેલી
૫૦૦૦ + નોર્મલ તથા જોખમી ડીલેવરી ૧૫૦૦ + સિઝેરીયન
૫૦૦ + ગર્ભાશયની કોથળી તથા ગાંઠના ઓપરેશન
નારી હોસ્પિટલ
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૧૩૨૪
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Business Development Manager
Experience : 1-2 Years
• Senior Accountant - 1
Experience : 1-2 Years (Male)
• Junior Finance Officer - 1
Experience : 1-2 Years (Male)
• Parlour Manager - 1
Experience : 1-2 Years
• Cashier - 1
Experience : 1-2 Years
• Sales Coordinator - 2
Experience : 1-2 Years
Location :
Amreli
hrscpl1987@gmail.com
+91 95109 59957

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)